
# અધ્યાત્મ

વર્ષ–૬

અંક–૨

નવેમ્બર–૧૯૮૪





પૂ. મા સર્વેશ્વરી

## પૂ. શ્રી યોગેશ્વરજીની દૈવી દૃષ્ટિએ
## પૂ. મા સર્વેશ્વરી

દક્ષિણેશ્વરની દૈવી દેવી * ૬૧

મથુરાના કમનીય પવિત્ર વરાહતટ એક પાવન પળે પરમાત્મા પ્રભુએ પ્રસન્નતાથી પુલકિત પ્રેમપરિપ્લાવિત પાવન પગલું કર્યું. એ દિવ્ય દિવસ ૧૩-૧૨-૧૯૪૩ શનિવાર. ભારતીય તિથિપ્રમાણે વિ. સં. ૨૦૦૦ માગશર વદ ૨ રાતે નવ વાગે. મા જગદંબાએ પોતે આપને ઉઠાડીને પોતાની મુક્તિઓરફ ભેટ્યું. ધરતી ધન્ય બની. પૃથ્વી પાવન થઈ. પવન પ્રફુલ્લ ઊઠ્યા. વિહંગોએ સ્વાગતના સ્વર છેડ્યા. આકાશના તારા એ દિવ્ય દર્શનથી કૃતાર્થ થયા. એ જન્મના પવિત્ર માનવજાતિને માટે મંગલમય બનવાનો હતો: સમસ્ત સજ્જનોને સારુ ઉપકારક બનવા સરજાયલી.

---

## ✓ પૂ. શ્રી યોગેશ્વરજીની દૈવી કલમે
## પૂ. મા સર્વેશ્વરી

એમના જેવા સર્વાધારરૂપ સંસ્કારસંપન્ન અદ્ભુત આત્માનું અવતરણ અવનીપર યુગોના અંતે ક્વચિત્ જ થતું હોય છે. મા ભગવતી, પરમાત્માની પરમાહ્લાદિની શક્તિ પોતાની લીલાને માટે પોતે જ શરીરવિગ્રહ ધારણ કરે છે ને સ્વેચ્છાપ્રમાણે પ્રકટે છે. પ્રેમ, રસ, પવિત્રતાના સ્વરૂપસમાન પ્રકટે છે. એને કર્મબંધન નથી નડતાં; નથી હોતાં. એનું જીવનકાર્ય જુદું જ હોય છે. એ જેનાપર અનુગ્રહ કરે છે તે ધન્ય બને છે. એ નારીરૂપે નારાયણી હોય છે.

વિવેકાનંદ હોસ્ટેલમાં એમના આધ્યાત્મિક મનોવાંછિત જીવનનો એક અમનનો અધ્યાય આરંભાયો. મારા જીવનમાં મેં જેમના અલૌકિક અનુગ્રહની ઉપલબ્ધિમાટે આકરી આરાધના કરેલી તે મા જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને આજીવન વખતે મારી સેવામાટે આવી પહોંચ્યાં. એ બાબતે નિઃશંક બન્યાં. સ્કૂલના સામાન્ય નાના ક્ષેત્રને છોડીને સંસારના વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ...

---

૬૪

સંપૂર્ણપણે મનને ઉપરામ કરી, સંકલ્પિત મનનાં અસ્થાની રાગદ્વેષયુક્ત બનેલા યોગેશ્વર સંભળાતી નિદાન નગણ્ય સમજીને, એ કાળિમાના અનુભૂતિપર આહુતિ આપી દેવાં. પોતે એમને સદ્ગુરુ અને જીવનના પરમ આરાધ્ય તરીકે સ્વીકારેલ માન્યા છે તેમને માટે બનતું બધું જ ન્યોછાવર કરી છૂટવું એજ એમનો નિર્ધાર હતો. એમાં જ એમના સાધનાની ઇતિશ્રી સમાયલી. ધન્ય છે એમને અને એમના ભાવનાને. ઈશ્વરની કૃપા તેમ બરાબર પરંતુ ઈશ્વરે એમને મહાન નિમિત્ત બનાવ્યાં. એમના રૂપમાં પોતાની કૃપા વરસાવી. એમના સરખી સેવાશુશ્રૂષા ડોક્ટરો, નર્સો, મા કે બીજા આપ્તજન કોઈ સ્વજન પણ ના કરી શકે. એ તો જગતજનની જગદંબાનું જ કામ.

વિયોગીને કે દીનજનોને અથવા નિંદકને માટે પણ. એવા આવો, ગામ-અદાલતમાં અને પૂર્વગ્રહવાળા પ્રેરકને એમના જેવું આંધળાના અથવા જેવા કરનારા પણ સહેલાઈ મળી રહેતા. એકેક વિભિન્નતાવાળા પ્રેરકને તો એકેક સંકુચિતતાને લીધે એમની સામે જાહેર ઉહાપાત કે એમને ઉતારી પાડવાના પ્રયત્ન કરતા. તેમછતાં એ એમના પ્રત્યે કરેલા સૌહાર્દપથમાં અપાર રહીને એવા માનવોને માટે પણ સદભાવ રાખતાં ને પ્રાર્થના કરતાં. એમનું આત્મબળ અસાધારણ હતું. એવા અવંદનીત પૂર્ણભક્તની એક અભ્યાસિત પ્રત્યક્ષ દ્રષ્ટાંત, સાક્ષાત જગજ્જનની મહાદેવીના જેવું, એમણે એમનાં પ્રકૃતિના કરોડો, થાક, ખડખડાટ, ફરિયાદ કે આક્ષેપ-પ્રતિઆક્ષેપોવાળા પોતાનું સેવાકાર્ય ચાલુ રાખ્યું. એમના અંતરમાં એક જ ધૂન હતી— ગમે તેવા સંજોગોમાં ગમે તે ભોગે પોતાના પરમ ઉપાસ્ય સદગુરુને સારુ સમર્પિત થઈ જવાની. પોતાના પરમારાધ્ય સદગુરુની સુખશાંતિ તથા સંપૂર્ણ સ્વસ્થતા જાળવવાની. એમને સંસારનાં સગાંવહાલાં પહોંચાડવામાટે સર્વ પ્રકારે સુરક્ષિત રાખવાના. એ ધૂન કે લગનીની આગળ ખાવું પીવું કે ઊંઘ અથવા નાગણ [illegible], માતાપિતા, કુટુંબ, નોકરી, લક્ષ્મી, જીવનની જરૂરિયાતો, આરામ [illegible] કે આરામ, અનુકૂળતા કે પ્રતિકૂળતા તથા [illegible].

હું એમને લાંબો વખત ઉગારી શક્યો, મરણના મુખમાંથી ઉગારીને બેઠો થઈ શક્યો, એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. એમનો ઉપકાર મારાથી કોઈ રીતે, કદી રીતે, નહિ ભૂલી શકાય. એમના ત્યાગનો મહિમા એકેક નહિ સમજાય. એમના સેવા અત્યંત અસાધારણ, અવર્ણનીય છે.

( શ્રી યોગેશ્વરજીકૃત ‘ મા સર્વેશ્વરી એક પરિચય ’ પુસ્તકમાંથી પૂ. શ્રીના હસ્તાક્ષરો )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૬ અંક : ૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ‘અધ્યાત્મ’ પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧

## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

## ‘ અધ્યાત્મ ’ અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- ‘અધ્યાત્મ’ દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| એક પત્ર | યોગેશ્વરજી | ૩ |
| પૂ. મા સર્વેશ્વરીની દિવ્ય અનોખી સાધના | નારાયણ હ. જાની | ૫ |
| વાંચકોને | તંત્રી | ૯ |
| દશેરા–પૂ. માતાજીની સંવત્સરી | અતુલ કોન્ટ્રેક્ટર | ૧૦ |
| શરદપૂર્ણિમાનો સત્સંગ | વિનુભાઈ જોષી | ૧૧ |
| ધ્યાનની સાધના | યોગેશ્વરજી | ૧૨ |
| શુભ સંકલ્પનું પ્રથમ પુષ્પ | તંત્રી | ૧૭ |
| તીર્થમય નિવાસ | શ્રીરામભાઈ પટેલ | ૧૯ |
| ધન્યવાદ | તંત્રી | ૨૦ |
| જીવન બનાવી જાણ્યું | ઈલાબેન ભક્ત | ૨૧ |
| સ્વજનોની સમજ | હિમાંશુ પાઠક | ૨૪ |
| અમે શું આશીર્વાદ આપીયે ! | શ્રી સર્વેશ્વરી | ૨૫ |
| શ્રી સર્વેશ્વરીના સાંનિધ્યે... | પૂજા | ૨૭ |
| ચૈતન્ય સ્પર્શ | પ્રાગજી ડોસા | ૩૦ |
| પુનર્જન્મનો નિયમ | હરજીવનદાસ કા. મહેતા | ૩૩ |
| કર્મ-સિદ્ધાંત | ભૂપતભાઈ દેસાઈ | ૩૯ |
| શુકાનંદ સ્વામી | સત્સંગી | ૪૨ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૪૯ |
| ૧૧મી ધ્યાન સાધના શિબિર | — | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૬ નવેમ્બર–૧૯૮૪ અંક : ૨


વિદેશની ધરતી ઉપરથી પૂ. શ્રી નો મા સર્વેશ્વરી ઉપર

## એક પત્ર.

ૐ ટોરેન્ટો

તા. ૨૮/૧૦/૭૮

શ્રી શારદા નમન હો શતવાર મારા.

આનંદમાં હશો. કુશળ હશો.

નૂતનવર્ષ પાસે જ છે. આ પત્ર મળશે ત્યાં સુધીમાં તો તે પસાર પણ થઇ ગયું હશે. જીવ શિવનું સુમધુર સંમિલન થાય છે ત્યારે જીવનમાં સદાની દિવાળી પ્રગટે છે. સદાનું નૂતનવરસ શરૂ થાય છે. જીવનમાં એવી દિવાળી, એવું નૂતનવર્ષ પ્રકટે એવું ઇચ્છું છું. આપણું જીવન સમુચિત સાધનાનો આધાર લઇને શિવની સંનિધિ સાધવા માટે છે.

આ સંદેશો મળશે તે પછી એક બીજો પણ મહત્ત્વનો મહામંગલ પર્વદિન આવી જશે. ૧૩ નવેમ્બર સર્વેશ્વરીનો આ પાર્થિવ પૃથ્વીપરનો પ્રાકટ્યદિન. એ ધન્ય દૈવી દિવસે કપૂરાની ધરતી પર જગદંબાનો પ્રાદુર્ભાવ થયો. ભગવતીએ આંખ ઉઘાડી. મા કહે છે કે સ. ના સુધાસભર સુંદર સ્વરૂપ-

ને ધારણ કરીને એનો સ્વાંગ લઇને, હું પોતેજ તમને સુખી કરવા, શાંતિ આપવા, તમારા જીવનકાર્યમાં મદદરૂપ બનવા, તમારી તપશ્ચર્યા, ભાવના તથા ભાવભક્તિને લક્ષમાં લઇને પ્રકટી છું, મેં જ સ. નામ ધારણ કર્યું છે. એના સ્વરૂપમાં હું જ શ્વાસ લઉં છું. મારા સુનિશ્ચિત સમય પ્રમાણે તમારી સેવા કરવા તમારા જીવનમાં પરમાનંદ ભરવા આવી પહોંચીશ. કાયમ માટે પ્રવેશીશ. એના રહસ્યની બીજા કોઇને માહિતી નથી. એટલે ૧૩મીનો દિવસ પર્વદિવસ છે. એ દિવસે મારા તમને અંતરના અંતરતમના અનંત આશીર્વાદ છે. મા તમને ખૂબ ખૂબ સુખી કરે, શાંતિ આપે, તમારા સઘળા મનોરથ પૂરા કરે. સનાતન સુખદ સ્વર્ગીય સહવાસ આપે. અને તમારા જીવનને સાર્થક તથા ધન્ય કરે એજ ઇચ્છું છું. શિવ-નો સમાગમ સાધીને તમે આધ્યાત્મિક જીવનના સર્વોત્તમ શિખરોને સર કરો, ધન્ય બનો, યશસ્વી ઠરો અને જગતનાં ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક સ્ત્રી તથા પુરુષરત્નોમાં મહત્ત્વનું અગ્ર-ગણ્ય સ્થાન પામીને બીજા અનેકને પ્રકાશ, પ્રેરણા, પથપ્રદર્શન ધરો એવું ઇચ્છું છું. તમારામાં એ માટેના બધાજ ગુણ, બધીજ યોગ્યતા છે તેથી એવું જરૂર થશે એ નક્કી છે. મને એમાં લેશ પણ શંકા નથી.

માની કૃપાથી દક્ષિણની યાત્રાથી તમારું નવું જીવન શરૂ થયું છે. તમે તરી ગયાં છો ને બીજાને તારી શકશો. ભારત-ની પુણ્યભૂમિ પર તમારું પ્રાકટ્ય કાદવમાં કમળની પેઠે પવિત્ર છે.

એ ભૂમિ પર આવીને વહેલી તકે તમને મળવા માંગુ છું.

યોગેશ્વરના આશીર્વાદ.



# પૂ. મા શ્રીસર્વેશ્વરીની દિવ્ય અનોખી સાધના.

નારાયણ હ. જાની.



તા. ૧૩ નવેમ્બર. પૂ. માશ્રી સર્વે-શ્વરીનો જન્મદિવસ. આ વર્ષે પૂ. માના પાર્થિવતનુને તે દિવસે ચાલીસ વર્ષ પૂરાં થશે.

આધ્યાત્મિક ક્ષેત્રે પોતાનું પ્રદાન કરનાર કોઇપણ સંત, મહાત્મા, ભકત કે યોગીનું આ પૃથ્વી ઉપર પ્રકટ થવું સૃષ્ટિના મંગલ માટેજ હોય છે, કારણ કે તેઓ હર પ્રકારે જીવ-માત્રના કલ્યાણ માટે સદા પ્રયત્નશીલ રહેતા હોય છે. પૂ. માશ્રી સર્વેશ્વરી પણ એવાંજ એક ભગવતી સ્વરૂપા મહાતપસ્વીની સંત છે, જેઓ પોતાના તપ સાથે આજે અનેકોને આધ્યાત્મિક પ્રેરણાનાં પિયૂષ પાઇ રહ્યાં છે, પથપ્રદર્શન કરી રહ્યાં છે.

દોઢ વર્ષ પહેલાં પ. પૂ. સર્વેશ્વરી માનાં પૂ. માતાજીના સ્વર્ગવાસ પ્રસંગે પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી કપૂરા પધારેલા. તે દિવસો દરમ્યાન પૂ. માનાં માતાજીને અંજલિ આપતાં કપૂરાની જનતાને કહેલું, "તેઓ (સ્વ. શ્રી ભીખીબા) તો પુણ્યશાળી હતાં. તેમણે વંદનીય મા સર્વેશ્વરી જેવા સ્ત્રીરત્નને જન્મ આપી ઘણું પુણ્ય પ્રાપ્ત કર્યું છે, કારણ કે પૂ. મા જગતને આધ્યાત્મિક માર્ગે માર્ગદર્શન આપી શકે તેવાં સ્ત્રીસંત છે. તેઓના પિતાને પણ તે પુણ્યનો લાભ મળશેજ. તેમજ તમો સહુ કપૂરા ગામનાં ભાઇ-બહેનોજ નહિ, પરંતુ ગુજરાત, ભારત અને સમગ્ર જગત પણ એમના વિષે એક વખત ગૌરવ લેશે, તેની મને ખાત્રી છે."

આ શબ્દો પૂ. માની આજની સાધનાના સંદર્ભમાં કેટલા બધા સાચા લાગે છે!

સંત મહાત્માઓ કે યોગીઓ પોતાની વિશેષ શક્તિવડે કોઇ-પણ વ્યક્તિની આંતરિક ઉચ્ચતા કે આત્મિકકક્ષા વિષે સહેલાઇથી જાણી શકે છે. આપણને ભલે પૂ. માશ્રી સર્વેશ્વરીનો બાહ્ય દેખાવ ખૂબ નાજુક, નબળો કે એકવડિયા બાંધાનો લાગે, પરંતુ તેમાં કેવો વિરાટ, સત્વશીલ આત્મા વિરાજે છે, તેની પ્રતીતિ તો વર્ષો પહેલાં પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીને થઇ ગયેલી. તેથીજ તેઓશ્રી પૂ. માનો પરિચય આપતાં પોતાનાં પ્રવચનોમાં સહજ ભાવે કહેતા કે મા સર્વેશ્વરી એ જગદંબા સ્વરૂપજ છે. જેઓ તેઓનું આ ભગવતી સ્વરૂપ ઓળખશે, તેઓ આ સંસારમાંથી તરી જશે."

સામાન્ય સંસારી માનવોને વ્યક્તિની આ ઉચ્ચ આત્મિક ચેતનાનો ખ્યાલ કેવલ બાહ્યદૃષ્ટિએ શી રીતે આવી શકવાનો ? એ જાણવા માટે તો વ્યક્તિમાં પોતામાં પણ આત્મિક ભૂમિકા ને શ્રદ્ધા ભક્તિ જોઈએ.

પૂ.મા આજે જે રીતે તપ કરે છે, તે પણ સમજવા જેવું છે.

પહેલી વાત તો એ છે કે તેઓ આજે જે તપ કરે છે, તે પોતાની ઈચ્છાથી કરતાં નથી. તેઓએ પોતાના જીવનનું સર્વ-સમર્પણ પૂ.મહાત્મા શ્રીયોગેશ્વરજીના શ્રીચરણોમાં કરી દીધેલું. આથી પોતાની વ્યક્તિગત ઈચ્છા જેવું એમનામાં રહેવા પામ્યુંજ નથી. કહો કે પોતાના સમગ્ર વ્યક્તિત્વનો ભાવાત્મક એકતાવડે પૂ.શ્રીમાં તેઓએ લોપ કરી દીધેલો. એની ખાત્રી પૂ.શ્રી અને પૂ.માની નીકટતામાં આવેલ સાધકભાઈ–બહેનોએ અનેક પ્રસંગોએ થઈ છે.

પૂ.શ્રી યોગેશ્વરજીએ પોતાના પાર્થિવતનનો પરિત્યાગ કર્યો તેજ દિવસે સાંજે પૂ.મા સાથે ભોજન લીધેલું. પૂ.શ્રીનો એ નિયમ હતો કે પૂ.માનુ ભાણું પોતાના હાથેજ પીરસે, પછી પોતે જમે. પૂ.મા સાથે હોય ત્યારે પૂ.શ્રીનો આજ નિયમ. એ નિયમનું પાલન પૂ.શ્રી-



એ જીવનના છેલ્લા દિવસ સુધી કર્યું, કારણ કે તેઓ પૂ.માને જગદંબા સ્વરૂપે જ જોતા.

તા. ૧૮મી માર્ચના રોજ રાતે, ઉતારા ઉપરથી પ્રવચન સ્થળે જતાં પહેલાં એક વિચિત્ર લાગે તેવી છતાં રહસ્યમય ઘટના બની. પ્રવચન માટે નીકળતાં પહેલાં પૂ.શ્રીએ પૂ. માને પાસે બોલાવ્યાં અને પોતે સોફા ઉપર બેઠા. પૂ. મા તેઓની સામે નીચે જમીન પર બેઠાં. પછી પૂ. શ્રીએ ખૂબ ભાવપૂર્ણ શબ્દોમાં કહ્યું. "જુઓ, અમે કોઇનું દેવું માથે રાખતા નથી." એ શબ્દો સાથે એમણે પોતાનો હાથ પૂ. માના મસ્તક ઉપર મૂક્યો અને ધીરેધીરે બરડા ઉપર પ્રસારતા નીચે સુધી લઈ ગયા. પૂ. માને આમ કહેવા અને કરવા પાછળનું રહસ્ય તે વખતે સમજાયું નહિ. પૂ. મા ઘણીવાર પૂ.શ્રીને વિનંતી કરતાં કહેતાં કે હું ખૂબ ખૂબ તપ કરૂં અને ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરૂં એવા આશીર્વાદ આપો." આ ક્રિયા શું એવી લાગણીઓના જવાબરૂપ હતી ? કે પછી પોતાના પાર્થિવતનનો પરિત્યાગ કરતાં પહેલાં પોતાની સમગ્ર આત્મિક-શક્તિઓનું સંક્રમણ એ છેલ્લા આશીષરૂપી સ્પર્શથી પૂ. મામાં કર્યું ? એનો જવાબ તો હવે કોણ આપી શકે ? પરંતુ પૂ. મા આજે જે રીતે તપ કરી રહ્યાં છે, તે જોતાં આવું દિવ્ય શક્તિ સંક્રમણ થયાનું સાચું લાગે છે. જોકે લોકોને તેની વિશેષ પ્રતીતિ તો સમય જતાંજ થશે.

તપમાં ઉપવાસોનું મહત્વ દરેક ધર્મમાં સ્વીકારાયું છે. એમાં જૈનોના ઉપવાસો બહુ કઠીન લેખવામાં આવે છે. તેમાં ઉપવાસી વ્યક્તિ સૂર્યાસ્ત પહેલાં કેવળ ઉકાળેલું પાણી જ લે છે. પરંતુ તે પાણી રૂચિપ્રમાણે ગમે તેટલું લઇ શકાય છે.

રમઝાન માસમાં મુસલમાનો પણ રોજા રાખે છે રોજામાં તેઓ દિવસ દરમ્યાન પાણીનું ટીપુ પણ લેતા નથી. પરંતુ રોજા છૂટે ત્યારે રાત્રે ભોજન લે છે.

આ સિવાય સાધકો પોતાની સાધના દરમ્યાન ફરાળ, ફળાહાર, ચા, દૂધ, છાસ કે ફળોનો રસ લઇ ઉપવાસ કરતા હોય છે. પરંતુ પૂ. માનું તપ આ બધાથી અનોખું છે. તેઓ પૂ શ્રીની આજ્ઞા પ્રમાણે એકલું પાણી કે નાળિયેરનું પાણી દૂધ, છાશ કે ફળના ટૂકડા–લે છે. તે પણ ખૂબ મર્યાદિત પ્રમાણમાં. પ્રવાહી લે ત્યારે દિવસમાં એક નાના ગ્લાસ જેટલુંજ અને તે પણ દિવસમાં એક-જ વાર. વળી કેટલાય દિવસ તો પાણી વિનાના. આમ આ તપ પ્રભુની પરમકૃપા કે દર્શન માટે તપેલાં ધ્રુવ કે પાર્વતીજીની યાદ આપણને આપી જાય છે.

આ ઉલ્લેખની પાછળ, પૂ.માનાં તપની સરખામણી બીજાઓ સાથે કરવાનો કે તે ઉતરતી કક્ષાના છે, એવું બતાવવાનો આશય નથી. પરંતુ સાધકો પૂ.માના આ વિશેષ તપ વિષે યથાર્થ જાણકારી પામે અને તેને બરાબર સમજે, તે માટે આટલી છણાવટ કરી છે.

પૂ.માના આ ઉપવાસો અસ્ખલિત ને એકધારા ચાલે છે. તા. ૧–૧૦–૮૪ના રોજ લગભગ ૨૩૦ દિવસો થયા. આ દિવસો દરમ્યાન પૂ માનો સાધનાક્રમ એક સરખો ચાલ્યાં કરે છે. દિવસના સવાર ને બપોરના ઘણા બધા કલાકો તેઓ પોતાના સાધનભજન પ્રાર્થના, જપ, ધ્યાન સ્વાધ્યાય વગેરેમાં ગાળે છે. તે સમય દરમ્યાન તેઓ કોઇને મળતાં નથી. સત્સંગ માટે રોજ સાંજે તેઓ સાધક ભાઇબેનો સમક્ષ ઉપસ્થિત થાય છે, તો બપોરે થોડો સમય પૂ.શ્રીની પ્રવૃત્તિ અંગેનાં કામો માટે કાર્યકર ભાઈબહેનોને મુલાકાત આપે છે.

આટલા બધા ઉપવાસોના પરિણામે પૂ.માનું શરીર ખૂબ કૃશ થઈ ગયું છે. આમ છતાં એમનો ઉત્સાહ જરાય મંદ પડ્યો નથી કે તેઓનો પૂ.શ્રીમાનો વિશ્વાસ કે શ્રદ્ધા જરાય ડગ્યાં નથી. એથી ઉલ્ટું, આ ઉપવાસો દરમ્યાન એમને થયેલા દિવ્ય અનુભવોના

( અનુસંધાન પાના ૫૭ ઉપર )



# વાંચકોને........

—તંત્રી

અધ્યાત્મના સર્વે ગ્રાહકો તેમજ વાંચક ભાઇબહેનોને **નૂતન વર્ષાભિનંદન.**

નવું વર્ષ આપ સહુના જીવનમાં કેવળ ભૌતિક આબાદીને બદલે આત્મિક ઉન્નતિની આભા પણ પ્રકટાવે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. જીવનમાં કેવળ પ્રેયને બદલે. પ્રેય અને શ્રેયનો સુભગ સમન્વય સધાય ને આપનું જીવન સ્વલક્ષીને બદલે. પરલક્ષી બની બીજાઓનાં સુખ, શાંતિ ને આબાદીમાં પણ ઉપયોગી બને એવી મંગલ કામના.

* * *

નવેમ્બર માસની ૧૩મી તારીખ એ **પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન** છે. તેથી આ અંકમાં પૂ. મા વિષે પ. પૂ. શ્રી યોગેશ્વરજીનો ખાસ લેખ, તેમજ તેઓશ્રીનો પૂ. મા ઉપરનો પત્ર, તેઓની સાધના વિષેનો ખાસ લેખ, તેમજ નવરાત્રી દરમ્યાન કપૂરા ખાતે પૂ. માના વ્રત પ્રસંગે ત્યાંના સાધક ભાઈબહેનોના પ્રતિભાવ રજુ કરતા લેખો મૂકવામાં આવ્યા છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આજે જે રીતે તપ કરી રહ્યાં છે, તે જોતાં, પૂ.મા વિષેના આ બધા લેખો પ્રેરણાદાયી હોઇ, સહુ વાંચકોને ગમશે. એવી આશા છે.

With Best Compliments....
The space of this page has been donated by
**D. B. Foundry**
695, G.I.D.C Estate, BARODA-390,010

# દશેરા–પૂ. માતાજીની સંવત્સરી

અતુલ કોન્ટ્રેક્ટર

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની એ વિશેષતા રહી છે કે તેઓ થોડા થોડા સમયના અંતરે, સત્સંગના સામૂહિક કાર્યક્રમો યોજતાં રહે છે.

સત્સંગ એવું રસાયણ છે જે માનવ–મનના માયાના બંધનોને શિથિલ કરવામાં સહાયભૂત બને છે. એટલા માટેજ આપણા દેશના સંતપુરુષોએ સત્સંગ ઉપર આટલો બધો ભાર મૂકયો છે.

તા ૪ થી ઓકટોબર પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીની ચોથી સંવત્સરી હતી. આ દિવસે વડોદરા ખાતે એક ખાસ કાર્યક્રમનું આયોજન પૂ. માએ કરેલું તેમાં પ. પૂ. માતાજી જ્યોતિર્મયી તથા પૂ. મહાત્મા શ્રીયોગેશ્વરજીના ફોટાઓનું શાસ્રોકત પરંપરા પ્રમાણે ષોડશોપચાર વિધિથી શ્રીમતી કુન્દનબેન ગાંધીના હાથે પૂજન કરવામાં આવ્યું.

તે પછી ભજનોને ધૂનનો સુંદર કાર્યક્રમ, પૂ શ્રીનું કર્મ-યોગ ઉપરનું ટેપ પ્રવચન, સાધક ભાઇઓની પૂ. માતાજીને અંજલિ અને પૂ સર્વેશ્વરીમાનું સમાપન પ્રવચન. આખો કાર્યક્રમ છ કલાક એકધારો ચાલ્યો.

આ સત્સંગ મેળામાં દોઢસો કરતાં વધુ ભાઇબહેનો જોડાયા હતાં. શ્રી જીતુભાઇ ગાંધીએ બહારગામથી આવેલ સાધકો માટે અલ્પાહારની સરસ વ્યવસ્થા કરી હતી.

*——*



# શરદપૂર્ણિમાનો સત્સંગ

વિનુભાઈ જોષી

શરદ પૂર્ણિમાની સુંદર આહ્લાદક શીતલ ચાંદનીમઢી રાત્રિ એટલે સામાન્ય માનવો માટે હરવાફરવા ને ખાણી-પીણીનો ઉત્સવ મનાવવાનો કાર્યક્રમ.

આ શરદપૂર્ણિમાએ સાધકોને ચાંદનીની શીતલતાની મઝા માણવા સાથે પ્રભુના નામ સંકીર્તન તેમજ સત્સંગનો બેવડો લાભ મળે, એ શુભ હેતુથી પૂ માએ શ્રીજીતુભાઇની વિશાળ અગાસી ઉપર ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું.

રાતે ૧૦ થી સવારના ૫ સુધીના આ કાર્યક્રમમાં પહેલાં સુંદર ભજનો પછી પૂ. શ્રીનું ટેપ પ્રવચન, ધ્યાન, ધૂન અને છેલ્લે સમૂહમાં સુંદરકાંડના પાઠનું વાંચન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો. સો જેટલા સાધકોએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો.

આ કાર્યક્રમના પ્રસંગે સમગ્ર વાતાવરણ અનોખા દિવ્ય સાત્ત્વિકભાવથી સભર બની ગયું.

શરદપૂર્ણિમા નિમિત્તે શ્રીજીતુભાઇએ સહુ સાધકોને મેથીના ગોટા, પૂરી, અને દૂધ પૌવાનો પ્રસાદ પ્રેમપૂર્વક પીરસ્યો.

શુભેચ્છા સાથે.........
આ પાનાની જગ્યા
મે. ઇન્ડસ્ટ્રીયલ એન્જીનિયરીંગ કું.
સોમેશ્વર બિલ્ડીંગ, લહેરીપુરા ન્યુરોડ,
વડોદરા ૩૯૦ ૦૦૧
ના સૌજન્યથી પ્રાપ્ત થઇ છે.

# ધ્યાનની સાધના

યોગેશ્વરજી

પ્રશ્ન : જીવનના વિરોધાભાસી વિષમ વ્યવહારની વચ્ચે વસનારો, વિચરનારો માનવ ધ્યાનને સારૂ સમય કાઢી શકે ખરો ?

ઉત્તરઃ-શા માટે ના કાઢી શકે ? જીવનના વિરોધાભાસી વ્યવહારની વચ્ચે વસનારો, વિચરનારો માનવ બીજી કેટલીય પ્રવૃત્તિઓને માટે સમય કાઢી શકે છે તો પછી ધ્યાનને માટે શા માટે ના કાઢી શકે ? મુખ્ય મુદ્દો સમયનો નથી. પરંતુ અભિરૂચિનો અથવા રસવૃત્તિનો છે. જે વિષયની રુચિ અથવા રસવૃત્તિ હોય છે, તે વિષયને માટેનો સમય માનવ ગમે તેમ કરીને, ગમે ત્યારે પણ કાઢતો હોય છે. ધ્યાનને માટેની રુચિ કે રસવૃત્તિનો ઉદય થતાં સમયની સમસ્યા લેશ પણ નહીં સતાવે. સમયતો કાઢવામાં આવશેજ. ધ્યાનને માટેની રુચિ કે રસવૃત્તિને જાગતાં કે બળવાન બનતાં વાર લાગશે, તેને માટે જુદી જુદી રીતે પ્રામાણિકતાપૂર્વક પ્રયત્નો કરીને ભૂમિકા બનાવવી પડશે. એવી આવશ્યક ભૂમિકાનું નિર્માણ થતાં આગળનું કાર્ય સરળ બનશે. પછી તો સાધક ધ્યાન માટેનો નિશ્ચિત સમય નક્કી કરીને તેને વળગી રહેશે. એ સાધના માટેનો સમય નથી એવી ફરિયાદ નહીં કરે. ઊંઘમાંથી અથવા તો બીજી આડ વાતો તથા પ્રવૃત્તિઓમાંથી વખત કાઢીને તે ધ્યાન માટે વાપરશે. એને ધ્યાન માટેની લગન લાગશે. એ લગન પોતાની સાથે અન્ય અનેક વસ્તુઓને લઈ આવે છે. સમયની સાનુકૂળતા, સાધનાની પ્રીતિ, ઉત્સાહ, ધીરજ-ખંત, હિમ્મત, પુરુષાર્થપરતા, સાધનાનું સાતત્ય, આનંદ, આત્મનિવેદન, એકાગ્રતા અને આત્માનુભૂતિ,



પોતપોતાના વિષયમાં રસવાળાં માનવો, એને માટે ગમે તે ભોગે પણ સમયને ફાળવતા હોય છે. વ્યહવારની વચ્ચે વસતા વિહરતા માનવે પણ એવી રીતે સમયને ફાળવવો જોઇએ. એને માટે બીજો કોઇ વિકલ્પ નથી. હરવા ફરવાનો, ખાવાનો, ઊંઘવાનો, ગપ્પાં મારવાનો અને એવો બીજો સમય હોય અને સત્સંગ, સ્વાધ્યાય, ધ્યાન જેવી જીવનોપયોગી કલ્યાણકારક, શાંતિપ્રદાયક પ્રવૃત્તિ માટે સમયનો અભાવ છે એવું માનવા મનાવવામાં આવે તો તેવી વૃત્તિ કે પદ્ધતિને આવકારદાયક ના કહી શકાય. સ્વસ્થ કે તંદુરસ્ત ના મનાય.

પ્રશ્નઃ-ધ્યાનની અંતરંગ સાધના સારૂં કોઇ નિશ્ચત સમયની આવશ્યકતા ખરી ? નિશ્ચિત સમયે નિશ્ચત આસન પરજ બેસવું જરૂરી ખરૂં ?

ઉત્તરઃ-તમારા આ પ્રશ્નનો ઉત્તર મેં આ પહેલાં એક અથવા બીજી રીતે પ્રકારાંતરે આપી દીધો છે; તો પણ તમે પૂછો છો તો ફરીવાર કહું. ધ્યાનની અંતરંગ સાધના નિશ્ચિત સમયે કરવામાં આવે એ ખરેખર અને ખૂબજ આવશ્યક છે. સાધના રોજ સુનિશ્ચિત સમયે કરવાથી મનને તેવી ટેવ પડી જાય છે. વખત વીતવાની સાથે તે આખરે એકાગ્ર થાય છે.

તો પણ કોઇ સંજોગોમાં, કોઇ કારણે સુનિશ્ચત સમયે સાધના માટે બેસી ના શકાય તો પણ જે સમયે બેસી શકાય તે સમયે બેસવું તો ખરૂંજ. બીજી મહત્વની વાત એ છે કે ધ્યાનની સાધના આસન પર બેસીને કરવામાં આવે એ ઈચ્છવા યોગ છે. આસન પર બેસવાથી મનને સ્થિર, એકાગ્ર અને શાંત કરવામાં મદદ મળે છે તેમજ સમાધિ દશામાં પ્રવેશવાનું સહેલું બને છે.

પ્રશ્નઃ- આત્મકલ્યાણ માટે ધ્યાન કરવું સારૂં કે લોકકલ્યાણનું કામ કરવાનું સારૂં ?

ઉત્તરઃ– આત્મકલ્યાણને માટે કરાતા ધ્યાનમાં ને લોકકલ્યાણને માટે કરાતા કામમાં કોઇ પ્રકારનો વિરોધ નથી. ધ્યાન પણ કામજ છે ને ધ્યાનથી લોક–કલ્યાણના કામમાં મોટી મદદ મળે છે. આપણે ત્યાં મોટા ભાગના માનવોએ ધ્યાન અને લોકકલ્યાણના કામને પરસ્પર વિરોધી વિષયો માની લીધા છે. તેથી વ્યવહારિક કામ કરનારા ધ્યાન કરવામાં માનતા નથી ને ધ્યાનની રુચિ રાખનારા વ્યવહારિક કાર્યો પ્રત્યે સૂગ ધરાવે છે, ઉપેક્ષા ભાવ રાખે છે, અને એવાં કાર્યો કરનારાને અજ્ઞાની અથવા મંદબુદ્ધિના માને છે. સાચી વાત તો એ છે કે જીવનના સર્વાંગિણ વિકાસને માટે લોકકલ્યાણનાં ઉપયોગી સર્વશ્રેયસ્કર કાર્યોનું અનુષ્ઠાન કરવાની સાથે સાથે ધ્યાન, જપ, પ્રાર્થના, સ્વાધ્યાય, આત્મનિરીક્ષણ જેવા અંતરંગ આધ્યાત્મિક અભ્યાસક્રમની પણ આવશ્યકતા છે. બન્નેનો વખત એવી રીતે વહેંચી દેવો જોઇએ કે ઓછામાં ઓછું બે કલાક ધ્યાન ને શેષ સમયમાં કામ એ નિયમ ઘણો સારો છે.

પ્રશ્નઃ–ધ્યાનમાં પ્રાણાયામ તથા મુદ્રાનો અભ્યાસ અનિવાર્ય છે?

ઉત્તરઃ–ના, અનિવાર્ય નથી. પ્રાણાયામ તથા મુદ્રાના અભ્યાસ સિવાય પણ ધ્યાનની સાધના થઇ શકે છે–ધ્યાન કરતી વખતે આસન, પ્રાણાયામ, મુદ્રાનો અભ્યાસ કરવામાં આવે છે એ તો એક આનુષંગિક પૂરક સાધન તરીકે. તેના વિના ધ્યાન થાયજ નહિ એવું નથી સમજવાનું. એ અભ્યાસથી કેટલાક શારીરિક અને માનસિક લાભો થાય છે, તો પણ ધ્યાનની સાધના એક સ્વતંત્ર, નિરાળી, પરિપૂર્ણ સાધના છે. એનો આધાર કોઇપણ પ્રકારના બીજા અભ્યાસ વિના સીધો જ લઇ શકાય છે. એનો આધાર લઇને સાધક



સિદ્ધાવસ્થાના શાંત સમુન્નત, સુમેરૂ શિખર પર પહોંચી શકે છે. ધ્યાનમાં ધ્યાન સિવાય બીજા કશાનો અભ્યાસ અનિવાર્ય નથી.

પ્રશ્નઃ–ધ્યાન દિવસે કરવું જોઇએ કે રાતે કરવું જોઇએ?

ઉત્તરઃ–ધ્યાન દિવસે પણ કરવું જોઇએ અને રાતે પણ કરવું જોઇએ. એને માટે દિવસ કે રાતનું કોઇ બંધન નથી; જ્યારે પણ સાનુકૂળ સમય હોય ત્યારે એનો આધાર લઈ શકાય છે. કેટલાકના આદરપ્રિય અભિપ્રાય પ્રમાણે રાતે જ્યારે ઊંડી શાંતિ હોય છે, તે સમયે થોડોક વખત ધ્યાન જેવી અંતરંગ સાધના માટે કાઢવામાં આવે એ વધુ ઇચ્છવા યોગ્ય છે. એ અભિપ્રાય આધાર વગરનો અને અનુચિત તો નથી જ, છતાં પણ ધ્યાનના અભ્યાસની અભિરૂચિ જાગશે પછી દિવસે કે રાતે જ્યારે પણ સમય મળશે ત્યારે ધ્યાન કરવાનું જ વલણ રહેશે. જેમને વધારે વખત ના મળતો હોય તેમણે રોજ સવારે બ્રાહ્મમૂહૂર્તમાં અને રાતે સૂતાં પહેલાં કે સૂર્યાસ્ત સમયે ધ્યાન કરવાની ટેવ પાડવી. એ ટેવ લાંબે ગાળે ખૂબજ લાભકારક થશે.

પ્રશ્નઃ–ધ્યાનમાં જુદાં જુદાં દર્શન થાય છે એ શું સાચું છે?

ઉત્તરઃ–જરૂર સાચું છે. ધ્યાનમાં અમુક અવસ્થાએ પહોંચ્યા પછી જુદી જૂદી જાતનાં દર્શનો થતાં હોય છે. સાધકો સાધનાના માર્ગમાં આગળ વધ્યા પછી એવાં દર્શનોનો આનંદ મેળવી શકે છે.

પ્રશ્નઃ–એ દર્શનો કોનાં હોય છે?

ઉત્તરઃ–સિદ્ધ મહાપુરુષોનાં, દેવી દેવતાનાં તેમજ સાધકના પોતાના ઇષ્ટનાં.

— ※ —

## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મના શ્રદ્ધાળુ વાંચકો તરફથી એને સદ્‌ભાવભરી ભેટ મળતી રહે છે, એ એનું સદ્‌ભાગ્ય છે. આવી પ્રેમપૂર્વક ભેટ મોકલનાર સહુને અભિનંદન છે. છેલ્લે મળેલી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

રૂા. ૧૫ શ્રી ભૂપેન્દ્રભાઈ સુરતિયા.
રૂા. ૨૭ શ્રી નિકુબેન ત્રિવેદી, સુરત
રૂા. ૫૧ એક અનામી સદ્‌ગૃહસ્થ તરફથી
રૂા. ૨૬ શ્રી બાલમુકુન્દ શ્રોફ મોરબી
રૂા. ૧૧ શ્રી દયાબેન તરફથી
રૂા. ૫૧ શ્રી ઈશ્વરભાઈ કેડિયા
રૂા. ૫૧ શ્રી વિજયસિંહ રાણા, વડોદરા.
રૂા. ૫૧ શ્રી મગનલાલ મોતીરામ ઠાકર, કડીઆદરા.
રૂા. ૧૫ શ્રી હસમુખભાઈ બાબુભાઈ મિસ્ત્રી તરફથી
જન્મદિન નિમિત્તે
રૂા. ૧૭૦શ્રી સુરેશભાઈ મો. શાહ, કેનેડા તરફથી.
રૂા. ૨૪૨શ્રી કેનેડાના ગ્રાહકો તરફથી
રૂા. ૫૧ શ્રી પુત્ર હિતેશકુમાર ને પુત્રી ધર્મિષ્ઠાના જન્મદિન
નિમિત્તે હસમુખભાઈ પંડ્યા તરફથી
રૂા. ૧૦૯૪-૫૦ અમેરિકાના ગ્રાહકો તરફથી સંયુકતરીતે
રૂા. ૧૦૦૧-૯૦ શ્રીભગવાનજી ભકત તથા કંચનબેન ભકત,
યુ. એસ. એ. તરફથી
રૂા. ૫૮-૨૫ શ્રી સીતારામભાઇ ભકિતભાઇ ભકત,
યુ. એસ. એ.
રૂા. ૫૮-૨૫ શ્રી કરશનભાઇ રામભાઈ ભકત યુ. એસ. એ.
તરફથી
રૂા. ૧૫-૦૦ શ્રી પિનાકીનભાઇ જાની, વલસાડ.



## શુભ સંકલ્પનું પ્રથમ પુષ્પ

તંત્રી

નવરાત્રીના બીજા દિવસે પૂ.મા સર્વેશ્વરીએ બપોરે બાર વાગ્યે પાણી પીવાના સમયે એક કાગળ શ્રીમોહનભાઈને આપ્યો જેમાં પૂ.માએ લખ્યું હતું કે નવરાત્રીના નવ દિવસો છે. તો કપૂરા ધ્યાન કેન્દ્ર પૂ.શ્રીના શ્રીચરણે નવ કે અગિયાર આજીવન સભ્યનાં પુષ્પો તો ચઢાવે તો કેવું સારૂં ? વિચારજો.”

તે કાગળ લઇને શ્રીમોહનભાઈ નીચે ગયા ત્યાંજ તે દિવસે અચાનક વડોદરાની એક કંપનીના ડીવીજનલ મેનેજર યજમાન શ્રીરમેશભાઇને મળવા આવ્યા હતા. તે બેઠા હતા. વાતો શરૂ થઇ. શ્રીમોહનભાઇએ વાતવાતમાં અધ્યાત્મની જાણ કરી તેની વાર્ષિક ને આજીવન સભ્ય ફી પણ જણાવી.

તે મેનેજર ભાઈ પૂ.શ્રીને, અધ્યાત્મ માસિકને કે પૂ.માથી તદ્દન અપરિચિત હતા.

છતાં જાણે બેજ વાકયોનો પરિચય બસ થઇ પડ્યો ! તેઓ તરતજ કોઇપણ વધારે પ્રશ્નોત્તરી, દલીલ કે વિનંતિ વિના સહજ રીતે બોલી ઉઠ્યા. “મારે અધ્યાત્મના આજીવન સભ્ય થવું છે. લો આ પૈસા. સત્કર્મમાં ઉધારી શા માટે !”

અને તે ભાઈ આજીવન સભ્ય થઇ ગયા. શ્રીમોહનભાઈ કહેવા લાગ્યા કે ‘મા સર્વેશ્વરી વારંવાર કહે છે કે પૂ.શ્રી છે જ. તે મને હવે સાચું જ લાગે છે. નહીં તો આટલી સહેલાયથી વિના પરિચયે કોણ આજીવન સભ્ય થઇ જાય !’

પૂ.મા ઉપર બેઠા બેઠા સંકલ્પ કરે અને તે શુભસંકલ્પનો

તરતજ નીચે જાણે પૂ.શ્રી પ્રત્યુત્તર આપે છે.

પૂ.શ્રી યોગેશ્વરજીની કેવી કૃપા અને પૂ.મા સર્વેશ્વરીના શુભ સંકલ્પમાં કેવું બળ !

શુભ સંકલ્પના પ્રથમ પુષ્પને ચઢાવનાર ભાઇનું નામ શ્રીકરશનભાઈ.

ધન્ય છે એમની ભાવનાને.

---

('સ્વજનોની સમજ' અનુસંધાન પાના ૨૪નું ચાલુ)

સૌ પૂ. માનું પૂજન કરી પ્રણામ કરવામાં સંકોચ ન અનુભવે. એજ રીતે પરિવારના બીજા વડીલ કે નાના સ્વજનો પણ સહજ ભાવે પૂ. માને પૂજ્યભાવથી પ્રણામ કરે ને આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે વધાવે.

ત્યાગ કરનાર વ્યક્તિના પરિવારમાં કે ગામમાં ભાગ્યેજ આવો સમજપૂર્વકનો સદ્ભાવ જોવા મળે તે આ સમૃદ્ધ ને શિક્ષિત પરિવારમાં જોવા મળે છે.

પૂ. શ્રી કપૂરા પધારતા ત્યારે કપૂરામાં, વડોદરાની શિબિરમાં ને નર્મદા ને ગંગાની અસ્થિવિસર્જનની યાત્રામાં એ સૌ સ્વજનોનો પૂ. મા પ્રત્યેનો સમજપૂર્વકનો આદરભાવ અમને જોવા મળેલો.

સ્વજનોની એ વિશેષતા સાચેજ નોંધપાત્ર ગણાય. ધન્ય છે એમની શ્રદ્ધા ને સમજને.



# તીર્થમય નિવાસ

શ્રી રામભાઇ પટેલ

તા. ૨૫ સપ્ટે. થી તો પૂ. માએ મૌન એકાંત શરૂ કર્યું. નાળિયેરના પાણી ઉપરના એ વ્રતસાથે પૂ. માએ સંપૂર્ણ મૌનવ્રત પાળ્યું. કપૂરાના ભાવિક ભાઇબહેનોની વિનંતિને માન્ય રાખી પૂ. મા દરરોજ સવારે ૮-૦૦ થી ૮-૧૫ દર્શન આપવા પોતાના ઓરડાની બહાર પધારતાં. ત્યારે દર્શનાર્થીઓ યોગેશ્વરબાવનીનો પાઠ કરી એક ભજન ને ધૂન ગાઇને પૂ. માને પ્રણામ કરી વિદાય થતાં. તે દરમ્યાન. પૂ. મા શાંતિથી મૌન-વ્રત સાથે આંખ મીચીને ધ્યાનસ્થ રહેતાં.

નવરાત્રી દરમ્યાન પૂ. માના સાંનિધ્યે જાણે એ નિવાસ પણ તીર્થમય લાગતો. એ નિવાસસ્થાનમાં નીચે એ દિવસો દરમ્યાન સવારે ૬ા થી ૭ા શિવમહિમ્નનો પાઠ, વિષ્ણુ-સહસ્રનામનો પાઠ ને આરતી થતાં. વળી ૮ થી ૮-૧૫ યોગેશ્વરબાવની, ધૂન, ભજન. બપોરે ૨ થી ૪ ચંડીપાઠનું સમૂહ પારાયણ. રાત્રે યોગેશ્વરબાવની, આરતી વિ. સત્કર્મો ચાલુજ હતાં. વળી યજમાન પરિવારે નવરાત્રી દરમ્યાન વિવિધ વ્રત કર્યાં. જેમકે ત્રણ ભાઇબહેનોએ સવાલાખ મંત્રજપનાં અનુષ્ઠાનો કર્યાં. બધાજ સભ્યોએ ફલાહાર ઉપર નવરાત્રી પસાર કરી. વળી પૂ માની પ્રેરણા પ્રમાણે ગામની બેનોએ પણ વિશેષ જપવ્રતના નિયમો લઇને નવરાત્રી પૂરી કરી.

પૂ મા સર્વેશ્વરીના સ્વર્ગીય સાંનિધ્યે કપૂરાની ધરતીએ આ રીતે પ્રેરણાના પિયુષપાન પીધાં. અને એ નિવાસપણ તીર્થમય બની ગયો.

# ધન્યવાદ

તંત્રી

નવરાત્રી દરમ્યાન પૂ.મા કપૂરા હતાં. તેમને પ્રથમ દિવસે કપૂરાના શ્રીભાનુબેને આજીવન સભ્યની રકમ ભેટધરી ત્યારે સહજ વિચાર આવ્યો.

બીજે દિવસે એ સહજ વિચાર—સંકલ્પની જાણ ધ્યાન-કેન્દ્રમાં થઈ. સૌએ વિચાર વધાવી લીધો. ધ્યાનકેન્દ્રના સંચાલક શ્રીઈશ્વરભાઈની ગેરહાજરી હોવા છતાં આજે પણ નિયમિત કાર્ય થાય છે તેથીજ કપૂરા ધ્યાનકેન્દ્રના શ્રીસીતારામભાઈ, શ્રીલલ્લુભાઈ, શ્રીબચુભાઇ, શ્રીમોહનભાઇ, શ્રી રમેશભાઇ, શ્રીસરોજબેન સૌએ એ દિશામાં પ્રયત્નો શરૂ કર્યા. એ પ્રયત્નોમાં સૌને સફળતા મળી.

અને પૂ.મા સર્વેશ્વરીના સહજસંકલ્પમાંથી નવીજ સૃષ્ટિનું સર્જન થયું હોય તેમ આજે સર્વેશ્વરીના પ્રાગટ્યદિનના આ અંકમાં કપૂરા ધ્યાનકેન્દ્રના સુંદર પ્રયત્નોથી નવ કે અગીયાર જ નહીં, પરંતુ તેત્રીસ આજીવન સભ્યોની યાદી આપણે જોઈ શકીશું.

પૂ.માની જન્મભૂમિમાંથી આવો સહકાર જે ભાઇબહેનોએ આપ્યો, જેમણે જેમણે એ અંગે પ્રયત્નો કર્યા તે સૌને અભિનંદન. ભવિષ્યમાં પણ એવો સહકાર મળતો રહે એવી અપેક્ષા.

હિમાશું પાઠક, સુરત મેડીકલ કોલેજનો વિદ્યાર્થી છે; છતાં તેણે ૧૦૧ વાર્ષિક સભ્યો નોંધીને યુવા જગતને નવી પ્રેરણા પૂરી પાડી છે. તેને અભિનંદન.

*



# જીવન બનાવી જાણ્યું

સંકલન : ઈલાબેન ભક્ત

"પૂ. શ્રીનો પરિચય મને પરોક્ષ રીતે છે. પણ પૂ. મા જેને આજે હું લગભગ છેલ્લાં નવ વરસથી જાણુ છું. દૂર હોય છતાં નજીક જ છે, એવું હંમેશા અનુભવું છું.

મને કોઇ સાધુસંતો, મંદિર કે ધ્યાન કેન્દ્રમાં રસ નથી. હું એકાકી જીવ છું પરન્તુ મારી સામે જે જીવતી જાગતી મૂર્તિ–જેને હું સાધ્વીરૂપ કહું કે સ્નેહી કહું તે સમજાતુ નથી, પણ આજે હું એમને જ મળવા આવી છું.

માણસે પ્રત્યક્ષ રીતે મીરાં, પાર્વતીને કે કોઈપણ એક શક્તિ રૂપને જોવી હોય તો તે આપણી સામે આપણાં જે ભૂતપૂર્વ આચાર્યા ને આજના સર્વેશ્વરી માને જોઈ શકો છો. આજે હું દરેક જગ્યાએ ને પળેપળ અમારી સંસ્થામાં પણ યાદ કરૂં છું. સૌ યાદ કરે છે કે જીવન બનાવવા ક્યાંયે જવાની જરૂર નથી. પ્રવૃત્તિની વચ્ચે રહીને તે બધું થઇ શકે છે. એમ પૂ. માએ જીવી બતાવ્યું છે.

આજે હું બધી શક્તિઓનો વિકાસ પૂ. મા સર્વેશ્વરીમાં જોઇ રહી છું. એમના કાર્યક્રમોમાં મેં હાજરી નથી આપી, છતાં કહું છું કે ખરેખર માણસે જીવન બનાવવું હોય તો પૂ. માનો દાખલો લો. એમણે જીવન બનાવી જાણ્યું છે. ભલે, એમની જીવન બનાવવાની રીત જુદી હોય, પણ મારી દૃષ્ટિએ તેમણે સાચોસાચ જીવન બનાવી જાણ્યું છે. માનવ જંગલમાં રહેતો હોય તો ત્યાગ કરી શકે, પણ સકળ સમૃદ્ધિ વચ્ચે એમણે જે માર્ગ અપનાવ્યો છે, તે ખૂબજ સારો છે અને

ભવિષ્યમાં દરેકને અને અત્યારે પણ આપણને માર્ગદર્શન આપે છે ને આપશે."

તા. ૨૩-૯-૮૪ના રોજ કપૂરામાં પૂ. મા સર્વેશ્વરીના સત્સંગમાં શ્રી ઈલાબેન પાઠકે ઉપર મુજબનો વાર્તાલાપ આપ્યો. તેઓ સુરત સાધના વિદ્યાભવનમાં પૂ. માનાં શિક્ષણ વિભાગનાં સાથીદાર છે. તેઓ ત્યાંના સ્ટાફમાથી છ સાત ભાઇબેનો સાથે પૂ. માને મળવા આજે આવ્યાં હતાં.

વળી એ દિવસના સત્સંગનો લાભ લેવા કપૂરાની ધરતી ઉપર સુરત ધ્યાન કેન્દ્રના ૫૦ ભાઇબેનો ઉપરાંત બારડોલી, મહુવા, નાનસડ, નેત્રંગ, બાજીપુરા, સ્યાદલા વિ. સ્થળેથી પણ મોટી સંખ્યામાં ભાઇબેનો પધાર્યા હતા.

તે દિવસે સત્સંગમાં ગુજરાતના એક જાણીતા સ્વાતંત્ર્ય સેનાની શ્રી મકનજી સોલાહ પણ ખાસ આવેલા તેઓ વયોવૃદ્ધ છે. પોતાની નાદુરસ્ત તબીયત છતાં બે કલાક સુધી બેઠા. અંતે મા સર્વેશ્વરી તેમને મળે છે. અને પ્રણામ કરી, આશીર્વાદ માંગે છે ત્યારે તેઓ પણ ખૂબ ભાવવિભોર બની બોલી ઊઠે છે કે "તમે, તો જીવન ધન્ય કરી દીધુ. વળી પગથીયાં ઉતરતાં બોલ્યા 'એ તો દેવી છે દેવી.' એજ પ્રતિભાવ તેમણે પૂ. મા સર્વેશ્વરીના પિતાજી આગળ પણ વ્યકત કર્યો. એક વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની તથા ઇલાબેન જેવાં એક યુવાન શિક્ષિકાનો પૂ. મા પ્રત્યે કેવો ઉચ્ચ દૃષ્ટિકોણ છે, તે જોવાનું સદ્ભાગ્ય મળ્યું, તે પણ ઓછુ ન કહેવાય.

સુરત ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી ભટ્ટ સાહેબે પણ પૂ. માની સૂચનાથી શ્રદ્ધા ને વિશ્વાસ ઉપર વાર્તાલાપ આપ્યો.

આજે સત્સંગમાં પૂ. મા સર્વેશ્વરીએ ચંડીપાઠનું ગુજરાતી



કવિતામાં પારાયણ કરાવી, પૂ. શ્રીની કલમે અનુવાદિત થયેલો શબરીનો રામચરિત માનસનો પ્રસંગ ગવડાવ્યો. વળી પોતાની અનુભૂતિની પણ શ્રોતાઓને લ્હાણ ધરી. પૂ. શ્રીનું ચંડીપાઠ ઉપરનું ટેપ કરેલું પ્રવચન પણ સંભળાવ્યું.

સુમધુર અને બુલંદ અવાજે પૂ. માએ સત્સંગમાં શબરીનો પ્રસંગ અને ધૂન ગવડાવ્યાં ત્યારે તો શ્રોતાવર્ગ પણ આશ્ચર્ય ચકિત ને ભાવ વિભોર થઈ ગયો !

કારણ છ માસના લાંબા ઉપવાસ પછી આવો અદ્ભૂત અવાજ સાંભળતાં જરૂર લાગે કે પૂ. માના જીવન પાછળ જરૂર કોઈ દિવ્ય દૈવી શક્તિજ કાર્ય કરી રહી છે. સંપૂર્ણ તન, મનની સ્વસ્થતા પૂ. મા માં જોવા મળી. પૂ. માએજ પોતાના શરીરને પૂ. શ્રી કેવી દિવ્ય રીતે સંભાળે છે, તેની વાત કરી, ત્યારે તો અમારી શ્રદ્ધાભક્તિ વિશેષ દૃઢ બની.

કપૂરાની અને ભકત સમાજની અતિથિ સત્કારની પ્રણાલિકા આજે પણ જળવાઇ રહી છે. જે બહારગામથી આવે તે ભોજન કરીનેજ વિદાય થાય એ મુજબ આજે સૌએ પૂ. મા સર્વેશ્વરીના પિતાજીને ત્યાંજ મિષ્ટ પદાર્થો સાથેનું સંપૂર્ણ ભોજન લઇને વિદાય લીધી.


શુભેચ્છા સહ............

આખા પાનાની જગ્યા

**મે. વી. ઠાકોરભાઈ એન્ડ કું.**

રાજશ્રી ટોકીઝ સામે,

સયાજીગંજ, આનંદ એપાર્ટમેન્ટ વડોદરા-૫

ના સૌજન્યથી પ્રાપ્ત થઈ છે.

# સ્વજનોની સમજ

હિમાંશુ પાઠક

છેલ્લા છ સાત વર્ષથી પૂ. શ્રી કપૂરા પધારે છે, ત્યારે જે યજમાન હોય છે તેજ યજમાન દંપતિ શ્રી રમેશભાઈ ને શારદાબેનની આગ્રહભરી વિનંતી સ્વીકારી, પૂ. મા સર્વેશ્વરી કપૂરા પધાર્યાં.

પરિસ્થિતિ પલટાઇ હતી. પૂ. શ્રી સ્થૂળદેહે ન હોવા છતાં યજમાને પૂ. શ્રી પ્રત્યક્ષ પધારે છે એવી જ તૈયારી કરી હતી.

પૂ. મા સાથે પૂ. શ્રી તસ્વીરરૂપે તો હતા જ, જેથી આ વખતે તે તસ્વીરનું જ પ્રવેશદ્વારમાં પૂજન, પુષ્પહાર, આરતી સ્વાગતમાં થયા. ગામલોકોએ પણ એજ રીતે પૂ. શ્રીનું સ્વાગત કર્યું.

યજમાન પરિવારના ઉપરના ઓરડામાં પણ પૂ. શ્રી પધારતા ત્યારે જે પલંગ તેવો જ પલંગ, પૂ. શ્રીની લેખન-ની તેવીજ બેઠક, બહાર તેવીજ રંગોળી ને દરવખતે પળાતી સંતને યોગ્ય આમન્યા પણ જોવા મળી.

દરરોજ સવારે પૂ. શ્રીનું જે રીતે પૂજન થતું એજ રીતે આ વખતે પણ પૂ. શ્રીની તસ્વીરને અને પૂ. મા માટેનો સહજ ક્રમ જાળવી રાખ્યો. પૂ. શ્રી છે જ એવો સતત જીવંત અનુભવ ને ઉત્સવમય વાતાવરણ પૂ. શ્રીની સ્થૂળ ગેરહાજરી-માં પણ જોવા મળ્યું.

યજમાન શારદાબેન પૂ. મા સર્વેશ્વરીનાં વડીલ સ્વજન થાય. વળી સુશીલાબેન પણ વડીલ સ્વજન થાય. છતાં એ

( અનુસંધાન પાનાં ૧૮ ઉપર )



# અમે શું આશીર્વાદ આપીયે !

શ્રીસર્વેશ્વરી

હવે તો તમે આશીર્વાદ આપવા જેવા થયા.
અમે શું આશીર્વાદ આપીએ !
સારૂ થયું તમે કપૂરા આવ્યાં તે જગાડી જજો સૌને.

વયોવૃદ્ધ વડીલ શ્રીતુલશીભાઈએ માંદગીના બિછાનેથી મા સર્વેશ્વરીને ઉપર મુજબના ઉદ્દગારોથી વિદાય આપી.

તા. ૨૦મીએ ધ્યાનકેન્દ્રના કાર્યક્રમ પછી મા તેમને મળે છે, ત્યારે તેમને પુત્રવધૂની મદદથી પથારીમાંથી બેઠા કર્યા. અગાઉથી મંગાવી રાખેલો પુષ્પહાર એમણે ધ્રુજતે હાથે મદદ લઈને સર્વેશ્વરીને અર્પણ કર્યો. થોડી સાધનાત્મક વાતો થઇ. વિદાય વેળા સર્વેશ્વરી ફરી પ્રણામ કરી આશીર્વાદ માંગે છે ત્યારે તેમના મુખમાંથી એ ઉદ્દગારો સાંભળવા મળ્યા. સર્વેશ્વરીએ સંતોષ સાથે વિદાય લીધી.

શ્રીતુલશીભાઈ છેલ્લા પંદર વરસથી સતત સાધનામય જીવન જીવે છે. સંસારમાં રહેવા છતાં સંપૂર્ણ અનાસક્ત. પોતાના ઘરના ઉપરના ભાગને જાણે સાધના મંદિર બનાવી દીધું. દરરોજ નીચે ફક્ત સ્નાન, બપોરે ભોજન માટેજ ઉતરવું. ચાર વાગ્યે ગમે તે ઋતુ હોય તો પણ લગભગ મૌન રાખી બે કલાક દૂર ગામની બહાર ફરવા જવું. શિવા-લયમાં એકાંતમાં બેસવું. ઘરે આવી દૂધ પીધા પછી ફરી ઉપર ચાલ્યા જવું અને ઉપર સતત સાધનામાં રત રહેવું એ એમનો જીવનક્રમ હતો. ઘરમાં, ગામમાં, સમાજમાં અનિવાર્ય હાજરી જરૂરી હોય તોજ થોડો પણ રસ લેવો પડે

માટે લે. બાકી પોતાની બહારગામ વસતી દીકરીયો પણ સમય પ્રમાણે નીચે જ મળી લે.

પોતે થોડું કાશી ને થોડું બંગાળમાં પણ રહેલા જેથી સંસ્કૃત ને બંગાળી પણ જાણે. સતત સાધનામય જીવનને લીધે એમની પાસે તો દિવ્ય અનુભૂતિનો ભંડાર છે પણ સાચા સાધકને મન એ વાત ગૌણ છે. પ્રાણાયામના તેઓ સારા અભ્યાસી છે.

એમને મળીએ ત્યારે કોઇ સાચા સંસારી સાધુપુરુષને મળતા હોઇએ એવો આનંદ થાય.

ત્રણેક વર્ષ પહેલાં પૂ શ્રી સુરત હતા ત્યારે શ્રીતુલશીભાઇએ આશીર્વાદ મંગાવેલા પૂ શ્રીએ આશીર્વાદમાં એક ગુલાબનું પુષ્પ મોકલેલું. પાછળથી તેમણે જણાવેલું કે એ પુષ્પ મારા ઉપરના ઓરડામાં આવ્યું છે ત્યારથી મારી સાધનામાં નોંધ-પાત્ર પ્રગતિ થઇ રહી છે.

ગયા વરસે એમના સંદેશાના જવાબમાં પૂ શ્રીએ સર્વેશ્વરી પાસે જે પત્ર લખાવેલો તે પત્ર આજે પણ તેઓ પોતાના પુસ્તકમાં રાખે છે, વારંવાર વંચાવે છે, ને પ્રેરણા મેળવે છે.

એ શ્રદ્ધા, નમ્રતા ને સાધનાને વંદન.

સદા પ્રસન્ન ચિત્ત રહીને તમારા કલેશોને દૂર કરો. જીવનના સિદ્ધાંતોનું પાલન કરો, ખાનપાન, શયન, વિહાર અને બીજી બાબતોમાં મર્યાદિત બનો. ઇશ્વરમાં પ્રબળ શ્રદ્ધા કેળવો.



# શ્રી સર્વેશ્વરીના સાંનિધ્યે....

પૂજા

પ્રેમથી પધારો પ્રભુ આંગણીયે મારા
યોગેશ્વરજી ગુરુદેવ અમારા
જન્મો જનમના પાપ મારા ધોવા
ઘેરબેઠા જાણે ગંગા પધાર્યા.

ભજનની આ બેજ લીટી ગવાઈ પછી સૌનો સાદ ગળગળો થઇ ગયો. ગુરુદેવ પ્રભુની સ્થૂળ અનુપસ્થિતિની નોંધથી સૌની આંખ ભીની થઈ ગઈ. ત્યાંજ પૂ મા કપુરાની ધરતી ઉપર ગાડીમાંથી પગ મૂકે છે. હરવખતની જેમ પૂ શ્રી પધારતા ત્યારે જેવું સ્વાગત થાય તેવું જ થયું. ગામના ભાઇબહેનો પુષ્પો લઇ સામસામી લાઇનમાં ઉભાં હતાં. પૂ.મા હાથ જોડીને પસાર થયા ત્યારે પૂ.શ્રીની તસ્વીર પણ સાથે હતી.

ઘરમાં પ્રવેશતાં જ પૂ.શ્રીનું ચંદન તિલક ને પુષ્પહારથી સ્વાગત થયું. એક ખાસ બેઠક ઉપર પૂ.શ્રીની તસ્વીર ને એક અલગ બેઠક ઉપર પૂ.મા બિરાજ્યાં.

તરતજ યજમાન પરિવારના બધા ભાઈબેનોએ પૂ.શ્રીનું તથા પૂ માનું પુષ્પહારથી વારાફરતી સ્વાગત કર્યું. ત્યારબાદ ગામના સૌ ભાઇબહેનો પણ પુષ્પહારથી કે પુષ્પથી સ્વાગત કરી પ્રણામ કરી પોતાની બેઠક લે છે. એમાં નાની મોટી સ્ત્રીઓ ને વડીલો પણ હતા. એવા વડીલો કે જેમણે પૂ માની બાળપણની રમતથી માંડી ને અત્યારની તપોમય ભૂમિકાને જોઈ છે. એટલે તેઓ પણ પોતાનું વડીલપણું છોડીને એ

મંગલમયી મૂર્તિ પૂ.માને પગે લાગ્યા. પૂ.મા સૌનો બંધ આંખે સ્વીકાર કરતાં જણાયાં. જાણે મનોમન કહેતા હોય કે આ નમસ્કાર મને નથી, પણ સદાએ રક્ષી રહેલા એ મહાત્માને છે.

પ્રણામવિધિમાં વીસેક મિનિટ થઇ ગઇ ત્યાં તો પૂ.માએ મધુરવાણીમાં કહ્યું: "શ્રીઇશ્વરભાઇની ગેરહાજરીમાં અને પૂ.શ્રીની પણ સ્થૂળ દેહની ગેરહાજરીમાં કપુરા આવવાનું બન્યુ છે. મહાપુરુષો ભલે શરીર છોડે પણ તેઓ આત્મારૂપે અમર હોય છે. જેથી આજે અમે એકલાં નથી આવ્યાં. પૂ.શ્રીની સાથે જ આવ્યાં છીએ. જેથી યજમાન પરિવાર પોતાની ભાવના મુજબ હવે પૂ.શ્રીની આરતી ઉતારશે."

ને તરત જ પૂ.શ્રીની આરતી સૌએ ઊભા થઇને ઊતારી, પછી પૂ.માએ લગભગ પોણો કલાક વાર્તાલાપ આપ્યો જેમાં પૂ.શ્રીએ પોતાની વિદાય માટે કેવી તૈયારી કરી હતી તે પ્રસંગો કહ્યા ને પૂ.શ્રી છે જ એવી અનુભૂતિની વાતો કરી.

પૂ.મા છેક ત્રણ વાગ્યે ઉપરના ઓરડામાં આવે છે. ત્યાં દરવખતની જેમ પૂ.શ્રીના પલંગ સાથે ઓરડો તૈયાર હતો. વળી ત્યાં કપડાંના તોરણો ને રંગોળીની પણ સજાવટ હતી.

સાંજે પૂ.શ્રીનાં રામચરિત માનસના કાવ્યાનુવાદમાંથી સુંદરકાંડનું પારાયણ પૂ.માએ ધ્યાન કેન્દ્રમાં વાજિંત્રો સાથે કરાવ્યું. સૌએ એમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. પારાયણ બાદ પૂ.માએ ફરી સાધનાની અનુભવયુકત વાતો કરી. ધૂન અને શાંતિપાઠ બાદ આજનો કાર્યક્રમ પૂર્ણ થયો.

આજે પૂ.માના સત્સંગ દર્શનનો લાભ લેવા સુરત,



નનસાડ, શામપુરા, બારડોલી, બાજીપુરા, નેત્રંગ વિ. સ્થળોએથી પણ મોટી સંખ્યામાં ભાઇબેનો પધાર્યા હતાં.

પૂ.માના અનોખા તપના દર્શનથી ઋષિમુનિઓના તપોમય જીવનનું સ્મરણ કલિયુગમાં થતું હતું.

આજનું પૂ.માનું સાનિધ્ય સ્વર્ગ જેવું હતું. હવે પૂ.મા તા. ૨૧, ૨૨, ૨૩, ૨૪, સપ્ટે. માં પણ સત્સંગનો લાભ આપશે. એ સ્વર્ગીય આનંદની કલ્પનામાં આજનો દિવસ વીતી પણ ગયો.

પ્રણામ મા આપના તપને,
પ્રણામ મા આપના ત્યાગને;
પ્રણામ મા આપની ગુરુ ભક્તિને.

તમારાં વ્યાવહારિક કાર્યો વ્યાજબી રીતે કરો. તમારાં વ્રત અને વાણીમાં સત્યશીલ બનો. સુંદર ચારિત્ર્યનું નિર્માણ કરો. સર્વ પ્રતિ સહાનુભૂતિ કેળવો. ક્રોધ પર વિજય મેળવીને આત્મવિજયી બનો. દ્વેષને દૂર કરો. આથી તમે શીઘ્ર આત્મસાક્ષાત્કાર કરી શકશો. પ્રભુ નામનો આશ્રય લો. તમારા દોષો અને નબળાઇઓ વિષે વારંવાર વિચાર કરો. દિવ્ય જીવન જીવવાની કામના રાખો. આધ્યાત્મિક જીવનમાં ઉન્નતિ સાધો. તમે ઈશ્વરત્વ પામી શકશો.

# ચૈતન્ય-સ્પર્શ

લેખક : પ્રાગજી ડોસા

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ।

જે જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને લોકોને મૃત્યુની બીક પણ લાગ્યા કરે છે. મૃત્યુ પછી મારું શું થશે? હું ક્યાં જઈશ? મારી સ્મૃતિ કાયમ રહેશે કે નહિ? હું સ્વર્ગમાં જઈશ કે નરકમા? ત્યાં મને કોણ મળશે?

જીવન દરમ્યાન કોઈ સ્વજન મૃત્યુ પામે અથવા મનુષ્ય પોતે મૃત્યુના દ્વાર પાસે આવી પહોંચ્યો હોય ત્યારે તેને આવા વિચારો આવે છે. બહારગામ કોઈ દૂરના પ્રદેશમાં અથવા પરદેશ જવું હોય ત્યારે ઘણા દિવસો પહેલાંથી મનુષ્ય એની તૈયારી કરે છે. એ સ્થળના માહિતી મેળવે છે, ક્યાં ઊતરવાનું છે ત્યાં કોણ એને મળશે, એણે ત્યાં શું કરવાનું છે તેની માહિતી મેળવે છે તો મૃત્યુ પછી પણ એણે ક્યાં જવાનું છે તેની માહિતી પણ એણે મેળવવી જોઈએ. પરંતુ મોટાભાગના મનુષ્યોએ કદી પોતાના આત્મા વિશે વિચાર કર્યો નથી. રોજબરોજના પ્રવૃત્તિમય જીવનમાં આત્મા અથવા તેની શકિતની તેમને જાણ સુદ્ધાં નથી. કોઈ સમર્થ ગુરુ મળે તો તેના ઉપદેશને યથાર્થ પણે ઝીલવાની આત્મજાગૃતિ એમણે કરી નથી.

આત્મજાગૃતિ માગે છે ચૈતન્ય-સ્પર્શ.

ઈશ્વર દૂર નથી પણ દૂર હોય એમ ભાસે છે. દૂરબીન ઊંધું પકડો તો દૃશ્યમાન વસ્તુ બહુ દૂર હોય એવું પ્રતીત થાય છે. ઘણા પાસે તો ઈશ્વરને જોવા માટે દૂરબીન એટલે



આંખ પણ હોતી નથી તો ક્યાંથી ઈશ્વર દેખાવાનો! જે અસત્ છે તેને સત્ માની મનુષ્ય તેવી આંખે જુએ તો અજ્ઞાનનું અંધારૂં જ નજરે પડવાનું અને અંધારામાં અંધારૂં ભળે તો અંધારૂં જ રહેવાનું. જ્યારે પ્રકાશમાં પ્રકાશ ભળે તો પ્રકાશની માત્રા વધે છે.

એ પ્રકાશનું પ્રથમ સોપાન ચૈતન્ય-સ્પર્શ.

આકાશ, વાયુ, તેજ, પૃથ્વી આપણી આસપાસ છે. એ વાતાવરણની અસર નીચે આપણે હોઈએ છીએ. સૂર્યની ઉષ્ણતા આપણને સ્પર્શે છે, ચન્દ્ર શીતળતા એના કિરણોવડે અર્પે છે, વાયુ વિના આપણે જીવી શકતા નથી અને પૃથ્વીનો સતત સંપર્ક રહે છે. આકાશમાં 'ઈથર' છે. એ ઈથર પર કેટલાયે પરમાણુઓ તર્યા કરે છે. તમારા શરીર પર છવાય છે, ચીટકે છે, અળગા થાય છે. કેટલાયે સૂક્ષ્મ જીવો (પરમાણુ રૂપે) તમારી આસપાસ ફરે છે. તમને જાણ નથી પણ તમારાં આંખ, કાન, નાક, મુખ વાટે તમારી અંદર જાય છે. પ્રશ્વાસ લેતાં બહાર નીકળે છે. પણ આ પ્રવેશ કે બહિર્ગમનની તમને જાણ થતી નથી. આડકતરી રીતે તમારા શરીર, મન અને અન્તઃકરણની વૃત્તિ પર એની અસર થતાં તમારું જીવન ઘડતર તે પ્રમાણે થાય છે. સારા વિચાર સદ્‌ગુણી બનાવે છે. ખરાબ વિચાર દુર્ગુણ તરફ લઈ જાય છે.

માટે જ જરૂર છે ચૈતન્ય-સ્પર્શની.

આખા બ્રહ્માંડમાં બધું જીવંત છે. દરેકમાં પ્રભુની શક્તિ-નો વાસ છે. જમીન પણ જીવંત છે તો જ તેમાં બી ઊગી નીકળે છે. પણ દરેક વસ્તુને બે બાજુ હોય છે. એકને બીજા વગર ચાલી શકતું નથી. જડ અને ચેતન, દિવસ અને રાત, તડકો અને છાયો, હસવું અને રડવું, શોક અને આનંદ શોક

ન હોત તો આનંદ એટલે શું ? તેની મનુષ્યને જાણ ન હોત. તે જ પ્રમાણે જન્મ અને મૃત્યુ છે. વિશ્વ સર્જનહારે માનવનું સર્જન કર્યું એ એની ઉત્તમોત્તમ કૃતિ છે. એ માનવ ખૂબ જ શકિતશાળી છે. એમાં વિરાટ એવો એનો આત્મા વસે છે. એ આત્માને ઓળખવા માટે ચૈતન્યને જાગૃત કરવાની જરૂર છે.

આપણી અંદર રહેલો ચૈતન્ય-પુરુષ જાગૃત થાય તો આપણી આસપાસ કોઈ દિવ્ય સત્ત્વ ફરી રહ્યું છે, તેની પ્રતીતિ થશે. એ મનોશકિતને કામે લગાડવી પડશે–Higher Power of mind–માત્ર પ્રભુનું ધ્યાન કરતી વખતે જ નહિ કિન્તુ સતત ચોવીસે કલાક એ દિવ્ય શકિત તમારી આસપાસ જ છે તેનું સ્મરણ રહેવું જોઈએ. ત્યાં સુધી કે એ ભાગવત ચેતનમાંથી બહાર આવવા પણ તમે ઇચ્છો નહિ, એ ઘડી આવે ત્યારે ચૈતન્ય-સ્પર્શ થાય છે. તમને એનો અણસાર મળે એ ઝીલી લેવો જોઇએ. કોઈ વખત પ્રકાશ સ્વરૂપે પણ ઝીલમીલ થઈ ચાલી જાય છે, “ આ તો મને ભ્રમ થયો એમ કેટલાક માની લે છે પણ એવું નથી. ચેતના જાગી છે તેને ઊર્ધ્વગામી કરવી જોઇએ. આ સંબંધમાં જિસસ ક્રાઇસ્ટે સરસ કહ્યું છે.

“ હે કુમારિકાઓ ! તમારા દ્વાર પર દીવો જલતો રાખજો તો જ પ્રભુને તમે ઓળખી શકશો. ”

અધ્યાત્મ પ્રત્યે માનવ વળ્યો પછી મૃત્યુની બીક તેને રહેતી નથી. આખું બ્રહ્માંડનું સત્ત્વ આનંદ સાગરમાં હિલોળા ખાતું એ અનુભવે છે. કણેકણ અને અણુએ અણુમા દિવ્ય ચેતનાનો ઝંકાર સંભળાય છે. અને ત્યારે મહાન યોગીઓના ઉપદેશ સમજાવા લાગે છે.

માટે જ જરૂર છે ચૈતન્ય-સ્પર્શની.



# પુનર્જન્મનો નિયમ

હરજીવનદાસ કા. મહેતા.

[પૂર્વજન્મ છે એને આજે એક સ્વીકૃત હકીકત તરીકે માનવામાં આવે છે. પૂર્વજન્મ ને પુનર્જન્મ જેવું છે, એ માન્યતાને પુષ્ટિ આપતાં અનેક ઉદાહરણો પણ અનેકવાર અખબારોના પાને ચમકતા રહે છે. તેમજ તે વિષેનું સંશોધન પણ કેટલીક યુનિવર્સિટીઓમાં ખાસ વિભાગદ્વારા થાય છે. તેનાં કેટલાંય પુસ્તકો અંગ્રેજીભાષામાં લખાયાં છે ને લખાયે જાય છે.

અહીં ભાવનગરના ખ્યાતનામ થિઓસોફિસ્ટ શ્રી હરજીવન કાલિદાસ મહેતાએ આજથી ચાલીસ વર્ષ પહેલાં આ અંગેના પોતાના વિચારો વૈજ્ઞાનિક વિશ્લેષણ સાથે રજુ કર્યા છે. તે માનવમાત્ર માટે સમજની એક સાચી ભૂમિકા પૂરી પાડે છે. તેથી અહીં થોડા વિસ્તાર સાથે રજુ કર્યા છે.–તંત્રી]

પુનર્જન્મનો નિયમ સારી રીતે સમજવા માટે મનુષ્યમાત્રમાં જુદી જુદી ભૂમિકા ઉપર જીવન કઇ રીતે કાર્ય કરી રહ્યું છે, તે સમજવાની જરૂર છે.

## ત્રણ ભૂમિકાઓ

કોઈપણ વ્યકિત પોતાના કેવળ દેહથી જ પોતાને ઓળખવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તે ભૂતાત્મા તરીકે કાર્ય કરે છે, એમ સમજવું.

હું ચંદ્રકાન્ત છું, હિન્દુ છું, બ્રાહ્મણ છું, શિવભકત છું, ગ્રેજ્યુએટ છું, ચાર ભાષા જાણું છું, કૉલેજમાં પ્રોફેસર

છું'–આ બધી ઉપાધિને શરીર સાથે સંબંધ છે. તે રીતે હું અમુકનો પુત્ર, પતિ, ભાઇ કે સગો છું તેવો ભાવ પણ શરીરને જ પોતાની જાત તરીકે સ્વીકારવામાંથી જન્મે છે.

આથી આગળની સ્થિતિ છે જીવાત્મા ભાવની. તેમાં નામ, રૂપ, રંગ, જાતિ, કોમ, દેશ કે ધર્મના ભેદોનો સંબંધ શરીર સાથે છે અને જેને 'હું' 'હું' કહું છું તે તો આ સર્વથી પર છે. શરીરનો નાશ થતાં શરીર સાથેના ભૌતિક સર્વ સંબંધોનો અંત આવે છે, પરંતુ સાચો 'હું' તો આ બધાથી પર છું. શરીરનો નાશ થતાં આ 'હું'નો નાશ થતો નથી : આવો 'હું' સૌ કોઇ મનુષ્યમાં છે." એમ સમજી સહુ કોઇની સાથે નીતિથી, પ્રેમથી, સહકારથી સદા સર્વથા અને સર્વત્ર જીવન ગુજારનાર મનુષ્ય જીવાત્મા તરીકે કામ કરે છે. આ અવસ્થા ભૂતાત્મા કરતાં ઊંચી છે.

આથી આગળના–વિકાસની સ્થિતિ છે આત્મભાવમાં જીવવાની.

"જીવાત્માના અહંનો ઉપયોગ કરનાર, છતાં તે અહંથી પર રહી અહંને શકિત આપનાર અનંત જીવન એ હું છું." એમ સમજી સહુ કોઇમાં એ અનંતનું–સર્વ વ્યાપક આત્મતત્ત્વનું દર્શન કરનાર વ્યકિત આત્મભાવમાં કાર્ય કરે છે, એમ સમજવું.

નીચેના કોઠા ઉપરથી દરેક વ્યકિત પોતાની આત્મિક ભૂમિકા વિષે પોતાની મેળે નિર્ણય કરી શકે છે, એટલુંજ નહિ. પરંતુ એનાથી ઉપરની ભૂમિકામાં શી રીતે જવું તેની સમજ પણ મેળવી શકે છે.

| ૧. ભૂતાત્મા | ૨. જીવાત્મા | ૩. આત્મા |
|---|---|---|
| ૧. શરીરવૃત્તિ અને વિષયોમાં રમે છે. | જ્ઞાન, ઇચ્છા ને ક્રિયા ખીલવે છે. | સચ્ચિદાનંદરૂપે રહે છે. |



| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨. મેળવવામાં માને છે. | વહેંચી લેવામાં માને છે. | અર્પણ કરવામાં કે આપવામાં માને છે. |
| ૩. જુએ છે | જાણે છે. | જીવે છે. |
| ૪. ડગલે ને પગલે આસકિતથી બંધાય છે. | મુકત થવા પ્રયત્ન કરે છે. | મુકત છે–વ્યવહાર કરવા છતાં. |
| ૫. ભૂતકાળ પ્રધાન છે. | ભવિષ્યકાળ પ્રધાન છે. | અનંત વર્તમાન પ્રધાન છે. |
| ૬. રૂઢિવાદી છે. | આશાવાદી છે. | સત્યવાદી છે. |
| ૭. જગત મારે માટે છે; એમ માને છે. | હું જગત્ માટે છું એમ સમજે છે. | હું અને જગત્ એકજ છીએ એમ અનુભવે છે. |
| ૮. સામાન્ય મનુષ્ય છે. | મુમુક્ષુ છે. | મુકત છે. મહાત્મા છે. |
| ૯. પ્રભુને ત્રીજા પુરુષ-રૂપે ભજે છે. | પ્રભુને બીજા પુરુષરૂપે ભજે છે. | પોતેજ પ્રભુ છે. એ રીતે પહેલા પુરુષરૂપે ભજે છે. |
| ૧૦. તસ્યૈવાહમ્ | તવૈવાહમ્ | ત્વમેવાહમ્ |

આ કોઠાનો અભ્યાસ કરવાથી મનુષ્ય પોતે ભૂતાત્મા-પ્રધાન છે, કે ભૂતાત્મા–જીવાત્મા પ્રધાન છે કે કેવળ જીવાત્મા પ્રધાન છે કે પછી જીવાત્મા–આત્મભાવ પ્રધાન છે કે કેવળ આત્મભાવમાંજ સ્થિત છે, તે સમજી શકશે. વળી આ

કોઠાના અભ્યાસથી ભૂતાત્માભાવમાંથી જીવાત્માભાવમાં પહોંચવા કેવું જીવન થવું જોઇએ, અને આવું જીવન એકજ જન્મમાં થઇ શકતું નથી, માટે પુનર્જન્મની જરૂર છે તે સમજી શકાશે.

## જીવાત્માનો સાક્ષાત્કાર

કપડાં જેવાં કે કોટ, ખમીસ, કફની કે પાટલૂન ધોતિયું વગેરે શરીર ઢાંકવાનાં સાધનો છે, અને તેના વિના શરીર ટકી શકે છે, તેમ જીવાત્માને નીચલી ત્રણ ભૂમિકાઓનો અનુભવ લેવા માટે ભૂતાત્મા પણ એક સાધન છે. અને તેના વિના જીવાત્મા રહી શકે છે. શરીરના રૂપ, રંગ, જાતિ કે ધર્મનું બંધન જીવાત્માને નડતું નથી; કેમકે એ સૌથી તે પર (જુદો) છે. આ જીવાત્માનો સાક્ષાત્કાર કરવા માટે નીચેનો પ્રયોગ ઉપયોગી થાય તેમ છે.

સવારમાં સૂર્યોદય પહેલાં સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્રો પહેરી, શાંત ચોકખી જગ્યા પર શાન્તિથી બેસવું. શરીરની સઘળી ઇન્દ્રિયોને શાન્ત કરી દેવી. દરેક જ્ઞાનેન્દ્રિય–આંખ, કાન, નાક, જીભ અને ચામડી તથા દરેક કર્મેન્દ્રિય હાથ, પગ, વાક્, ઉપસ્થ ને પાયુને એક પછી એક ખોટી પડી ગયેલી કલ્પવી. આ સઘળી ઇન્દ્રિયો વગર પણ પોતે રહી શકે છે, એવો જાત–અનુભવ કરવો. તે પછી હૃદયમાં ઉઠતી રાગદ્વેષની સઘળી વૃત્તિઓને શાન્ત કરી દેવી અને તેમના વિના પણ પોતે રહી શકે છે, એવો અનુભવ લઇ લેવો.

પછી મનમાં ઉઠતા બધા વિચારોને પણ ધીમે ધીમે શાન્ત કરી દેવા. તેથી ખાત્રી થશે કે પોતે વિચારોથી પણ પર છે અને તેમના વિના પણ જીવી શકે છે.



આ પ્રયોગ ઉપરથી ખાત્રી થશે કે જીવાત્મા પોતે જ્ઞાન, ઇચ્છા અને ક્રિયારૂપ છે. તેની ક્રિયાશક્તિ ખીલવવા સ્થૂલ શરીરની જરૂર છે. તેની ઇચ્છાશક્તિ ખીલવવા અને તેનો ઉપયોગ કરવા વૃત્તિશરીરની જરૂર છે. અને છેલ્લે તેની જ્ઞાનશકિત ખીલવવા અને તેનો ઉપયોગ કરવા વિચારશરીરની જરૂર છે. આ બધીજ શકિતઓ એકજ જન્મમાં ખીલવી શકાતી નથી. એટલા માટે ભૂતાત્મારૂપ શરીરના સાધનદ્વારા અનેક વખત આ ત્રણે પ્રકારનાં શરીરો ધારણ કરવાં પડે છે.

## આત્માનો સાક્ષાત્કાર

સ્થૂલભૂમિકા, વૃત્તિભૂમિકા અને વિચારભૂમિકાનો અનુભવ લેવા માટેનું જીવાત્મા સાધન છે. તેમ ઉપરની વિવેકભૂમિકા, આંતરજ્યોતભૂમિકા ને નિરંહકારભૂમિકા અથવા અભેદ ભૂમિકાનો અનુભવ લેવા માટે જીવાત્મા પણ આત્માનું સાધન છે.

વળી જેમ સ્થૂલશરીર, વૃત્તિશરીર અને વિચારશરીરને શુદ્ધ કરી શાન્ત કરવાથી જીવાત્માનો સાક્ષાત્કાર થઇ શકે છે તેમ જીવાત્માની ક્રિયા, જ્ઞાન, અને ઇચ્છા શકિતનો નિઃસ્વાર્થ સેવામાં ઉપયોગ કરવાથી સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર થાય છે.

આ સાક્ષાત્કારના અનેક ઉપાયો છે.

૧. સમભાવવાળો આંતરરાષ્ટ્રીયભાવ ખીલવવો.

૨. નિઃસ્વાર્થ સેવાવાળો સમાજભાવ ખીલવવો એટલે કે સારી પૃથ્વીને કુટુમ્બરૂપ બનાવવી.

૩. સૌ કોઇમાં પ્રભુનું દર્શન કરી, સદા, સર્વથા અને સર્વત્ર તેનું સાન્નિધ્ય અનુભવવું.

૪. ધારણા, ધ્યાન અને સમાધિનો ગુરુદ્વારા અભ્યાસ કરવો.

આ અનુભવ માટે પણ આત્માને જીવાત્મા અને તેના સાધન ભૂતાત્માદ્વારા અનેકવાર સ્થૂલશરીર લેવાની જરૂર પડે છે.

### જન્મો ઓછા કરી શકાય કે?

કોઇપણ જીવાત્માને તેનું સ્થૂલશરીર આકસ્મિક રીતે મળી જતું નથી; પણ તે યોજનાપૂર્વક આપવામાં આવે છે. તેમાં કર્મ, વિકાસક્રમ, ઋણાનુબંધ અને જગતની જરૂરિયાતના— એવા ચાર કુદરતના નિયમોનો વિચાર કરવામાં આવે છે.

કોઇ મનુષ્યને મુંબઈથી દિલ્હી જવું હોય તો તે પગે ચાલીને અથવા બળદગાડામાં બેસીને કે ઘોડા ઉપર જઈ શકે છે. તેથી વધારે ગતિથી સાયકલ, મોટર, રેલ્વે કે છેવટે વિમાનમાં પણ જઈ શકાય. તેની પોતાની શક્તિ અને સાધનોના પ્રમાણમાં વહેલો કે મોડો દિલ્હી પહોંચી જાય છે. તેમ કોઇપણ મનુષ્ય જગતભરના વિકાસ સાથે ઘસડાતો ઘસડાતો, અથવા નીતિપરાયણતાની મદદથી, અથવા નીતિના સાથે ભક્તિના સાધનથી, અગર તો નીતિ, ભક્તિ અને જ્ઞાનનાં સાધનોથી, કે પછી વધારાનાં સેવા ને યોગાભ્યાસથી પૂર્ણ-પુરુષના શિષ્ય બનીને વહેલોમોડો પૂર્ણતાએ પહોંચે છે. મનુષ્યમાં જેટલી આ સાધનોનો ઉપયોગ કરી આગળ વધવાની તીવ્રતા, એટલી ઝડપી એની ગતિ બને છે. એક કરતાં વધુ ગતિપ્રધાન સાધનોનો ઉપયોગ કરનાર માણસ જેમ જલ્દી દિલ્હી પહોંચે છે, તેમ મનુષ્યમાં રહેલી પ્રભુતા પ્રકટાવવાનાં એક કરતાં વધારે સાધનોની તેમજ પૂર્ણતા પ્રાપ્ત કરી ચૂકેલા મહાત્માની મદદથી મનુષ્ય ખૂબ વહેલો પૂર્ણતાએ પહોંચે છે. આમ એ રીતે એના ઘણા જન્મો ઓછા કરે છે.



# કર્મ-સિદ્ધાંત

ભૂપતભાઇ દેસાઇ

આ જગતરૂપી નાટકના સુત્રધાર પરબ્રહ્મે—પરમાત્માએ, એક અટલ કર્મ-સિદ્ધાંત નક્કી કર્યો છે. તેના આધારે દરેક માનવ, પોતાના પૂર્વ જન્મોના અને આ ચાલુ જન્મમાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. તેમાં પરમાત્મા પોતે પણ અપવાદ કરતા નથી. તેથી કર્મોનાં ફળ દરેકે ભોગવ્યે જ છૂટકો છે. આપણે માનવો, પ્રતિકૂળ મુશ્કેલીઓમાં મૂકાઇએ છીએ ત્યારે, બીજાના દોષો જોઇએ છીએ, અને બીજાઓએ આપણું અહિત કર્યું તેમ માનીએ છીએ, પણ કર્મ-સિદ્ધાંત પ્રમાણે, બીજાઓ તો કેવળ નિમિત્ત માત્ર છે. આ જગતરૂપી ખેલમાં, સારુ અથવા ખરાબ કરવા માટે, પરમાત્માને પણ નિમિત્તની જરૂર છે તેમ ભગવાન કૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યું છે. તેથી બીજાઓનો દોષ ન જોતાં, તેઓ તો પરમાત્માએ તેમને સોંપેલું કામ કરી રહ્યા છે, તેમ વિચારીને આપણામાં જે દોષો વસી ગયા છે, તેને સુધારવા જીવનનો ઉપયોગ કરવો જોઇએ.

આધ્યાત્મિક દૃષ્ટિએ, નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મથી છૂટા થવું તેજ જીવનની શરૂઆત છે; અને બ્રહ્મ સાથે પાછું એકરૂપ થવું એ જીવનની પૂર્ણાહુતિ છે. અનન્ય અને અચળ શ્રદ્ધા વિના, પરમાત્માને શરણે જવાતું નથી. ગીતાના પ્રથમ ભાષ્યકાર શ્રીધર સ્વામીને એક ગરોડીના તાજા જન્મેલા બચ્ચાંને ઇશ્વરે ખોરાક પૂરો પાડ્યો તે નજરો નજર જોઇને ખાત્રી થઈ ગઇ, કે પ્રભુ જેને જન્મ આપે છે તેને ખોરાક પણ આપે છે. આપણે તેવી શ્રદ્ધા રાખવાની જરૂર છે કે

પ્રભુ અવશ્ય પોષણ આપશે. આ રીતે મુશ્કેલીઓનું પણ આપણા કલ્યાણ માટે, અને આપણા દોષો દૂર કરી સુધારણા માટેજ, પ્રભુનું આયોજન હોય છે. તે માટે જેને નિમિત્ત બનાવે છે તેના દોષો ન જોતાં, તેઓ તો આપણું હિત કરી રહ્યા છે તેમ સમજીએ તો, માનવ જીવન સાર્થક થશે અને પ્રભુની કૃપાના પાત્ર બનાશે.

મહાભારતમાં વેદ વ્યાસજીએ "અનુસ્મૃતિ" પર્વમાં આ કર્મ-સિદ્ધાંતનું સમર્થન કરતા મંત્રો લખ્યા છે, જે નીચે પ્રમાણે છેઃ-

(૧) પૂર્વ દેહે કૃતા યે મે, વ્યાધયઃ પ્રવિશંતુ મામ્ ।
અર્દયંતુ ચ માં, દુખાન્ઋણં મે પ્રતિમુચ્યતામ્ ।।

(૨) અનુ-દયેયોડસિ મે દેવ, ન મે જન્મ ભવેત્ પુનઃ ।
તસ્માદ્ વ્રવિષિ કર્માણિ, ઋણં મે ન ભવેદિતિ ।।

(૩) ઉપતિષ્ઠંતુ મા સર્વે, વ્યાધયઃ પૂર્વસંચિતા ।
અનૃણો ગંતુમિચ્છામિ, તદ્વિષ્ણોઃ પરં પદમ્ ।।

(૪) અહં ભગવતસ્તસ્ય, મમ વાસઃ સનાતનઃ ।
તસ્યાહં ન પ્રણુશ્યામિ, સ ચ મે ન પ્રણશ્યતિ ।।

મેં પૂર્વ દેહોથી જે કાંઈ કર્મો કર્યાં હોય, તે સર્વે વ્યાધિઓ રૂપે મારા આ શરીરમાં પ્રવેશ કરો. એ વ્યાધિઓનાં દુઃખો મને ભલે પીડા આપો, પણ આ દેહ છૂટતાં પહેલાંજ કર્મોરૂપી ઋણથી મને મુક્ત કરો; કેમકે ભગવાનના પરમ ધામમાં કોઇપણ પ્રાણી ઋણ મુક્ત થયા વિના જઇ શકતો નથી તે અટલ સિદ્ધાંત છે. મારો ફરી જન્મ ન થાય, તેવી મારી ઇચ્છા હોઇ, મને કર્મોનું બંધન લાગે નહી, તે રીતે



નવાં કર્મો હું નિષ્કામ-ભાવે કરું તેવી મારી પ્રાર્થના છે. વાસ્તવમાં હું પરમાત્મા છું તે કોઈ કાળે મટવાનો નથી. અને પરમાત્મા મારા છે તે પણ કોઇ કાળે મરવાના નથી.

આ રીતે કર્મ-સિદ્ધાંત સમજીને જીવન જીવાય તો દુર્લભ એવો માનવ દેહ મળ્યો છે તે સાર્થક થાય. ઓમ તત સત.

ખુશામત કરતાં ઘણાને આવડે છે; પ્રશંસા કરતાં બહુ થોડાને.
રામકૃષ્ણ પરમહંસ

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વાસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# શુકાનંદ સ્વામી

(ગતાંકથી ચાલુ)

સત્સંગી

એક મહિના પછી, અડધી રાતે અમે ત્યાંથી ચાલી નીકળ્યા. સવાર પડતાં જ ડોસીએ અમને ન જોતાં, છોકરાને ધમકાવી કાઢયો ! કહ્યું "તેં શું ધ્યાન રાખ્યું ? જા, હવે એ સાધુને પાછા બોલાવી લાવ. જ્યાં સુધી એમને પાછા તેડી ન લાવે ત્યાં સુધી, અમને તારૂં મોઢું દેખાડતો નહિ ! અમને એ સાધુ સિવાય કાંઇ ગમતું નથી."

છોકરો ચાલી નીકળ્યો. અમારા પગલાં જોતો જોતો, દસ ગાઉ દૂર એક નદી કિનારે અમે શાલીગ્રામ ને બાલમુકુન્દની પૂજા કરતા હતા ત્યાં આવી પહોંચ્યો. એણે અમને એની માનો સંદેશો કહી સંભળાવ્યો ને સાથે સાથે કહ્યું: "માએ મને આજ્ઞા કરી છે કે જ્યાં સુધી હું આપને પાછા તેડી ન જાઉં, ત્યાં સુધી મારે એમને મોઢું દેખાડવું નહિ." અમે કહ્યું, "ભાઇ તારો અને તારી માનો પ્રેમ સાચો, પરંતુ અમારે થોડું જ તારી મા અને તારી બેન સારૂં નેસડે બેસી રહેવાય છે ! અમારે તો અનેક જીવોનો ઉદ્ધાર કરવાનો છે. એટલે તો અમે છપૈયાથી નીકળી આ બાજુ આવ્યા છીએ." આમ અમારા વિષેની થોડી વાતો કહી.

પછી છોકરાને અમે પાછો જવા કહ્યું, પરંતુ તે ખૂબ દિલગીર થયો. આથી અમે ઉઠીને ચાલવા માંડયુ. તો તે અમારી પાછળ રોતો રોતો ચાલવા લાગ્યો. અમે તેને પાછા ફરી જવા કહ્યું, પણ તે પાછો ન ફર્યો તે ન જ ફર્યો. અમે તેને કહ્યું કે અહીંથી અમે ગાઢ વનમાં પ્રવેશ કરીશું. ત્યાં વાઘ, સિંહ જેવાં હિંસક જાનવરો, જંગલી પાડા, હરણ,



હાથી વગેરેની બહુ બીક લાગશે ને તે તને ખાઇ જાશે. માટે મહેરબાની કરી પાછો જા."

તો તેણે કહ્યું, 'મહારાજ, તમારૂં જે થશે, તે મારૂં થાશે. તમને જો સિંહ વગેરે જાનવરો ખાશે, તો ભલે મને ખાતાં. જો તમને નહિ મારે, તો મને પણ નહિ મારે. તમે મારૂં રક્ષણ કરશો, મને એનો પાકો ભરોસો છે, કારણ કે હું તો તમારો શરણાગત છું."

આમ વાતો કરતા અમે આગળ ચાલ્યા ત્યાંજ રસ્તા વચ્ચે એક સિંહ આવ્યો. અમે તરત જ તેને કહ્યું, "છોકરા, તેં અમારૂં માન્યું નહિ, પણ હવે આ સિંહ આપણને ખાઇ જાશે, તો અમારે તો પાછળ કોઇ રોનાર નથી. પરંતુ તારી મા અને બેન બન્ને રોઈ મરશે. માટે હું આડો ઊભો છું. હજુ તું ભાગી જા."

પરંતુ છોકરો એકનો બે ન થયો. હવે અમે સિંહ સામે જોયું ને તને સમાધિ થઈ ગઇ. તે આંખો ફાડીને સ્થિર થઇને ઊભો રહી ગયો ! આ જોઇને છોકરાને અમારા સામર્થ્યમાં અપૂર્વ શ્રદ્ધા થઇ ગઇ ! તેણે કહ્યું. "મહારાજ, આપ મોટા ઈશ્વર જ છો. નહિ તો સિંહને સમાધિ કોણ કરાવી શકે ?" એટલે અમે તો આપને ભગવાનજ જાણીએ છીએ. ત્યારે સિંહ ખસીને છેટે ઊભો રહી ગયો. હવે અમે છોકરાને પૂછ્યું, 'છોકરા શું તું અમને ખરેખર ભગવાનજ માને છે ?"

છોકરાએ કહ્યું, "ખરેખર આપને હું ભગવાનજ માનું છું." તો "તું અમારૂં કહ્યું કરીશ ?" છોકરાએ ખાત્રીપૂર્વક હા પાડી એટલે અમે તેને આજ્ઞા કરી કે જો તું અમને ખરેખર ભગવાનજ માનતો હોય તો સિંહને હાથ અડાડીને આવ."

છોકરાને પહેલાં તો બીક લાગી પરંતુ પછી અમારા સામર્થ્ય ઉપર વિશ્વાસ રાખીને સિંહને જઇને હાથ અડાડી આવ્યો.

અમને એની શ્રદ્ધાને વધારે કસવાનું મન થયું. અમે એને પેલા સિંહની આંખમાં આંગળી ખોસવા અને પછી એના મોંઢામાં હાથ નાખવા આજ્ઞા કરી. છોકરાએ હિમ્મત-પૂર્વક અમારી બન્ને આજ્ઞાઓનું પાલન કર્યું. આથી અમને આનંદ થયો અને છોકરાને અમારા મહિમામાં પૂરા વિશ્વાસ-ની ખાત્રીય થઇ ગઇ.

આ પછી અમે એ છોકરાને આજ્ઞા કરી કે જો એ અમને ભગવાન માનતો હોય તો એની મા પાસેથી હવે રજા લઇને આવે. અમે અહીંથી પશ્ચિમ દેશમાં જઇશું.

છોકરાએ અમારી આ વાત સ્વીકારી, પરંતુ પૂછ્યું, "મા મને પૂછે તો મારે શું જવાબ આપવો?

અમે કહ્યું, "તારાં માને કહેજે કે આ બાવાને તેડીને હું પાછો આવીશ. તમે એ બાવાને અંતરમાંથી પળમાત્ર પણ વિસારશો નહીં."

અમારી આજ્ઞા માની તે છોકરો તેની માની પાસે ગયો. છોકરાએ બનેલી બધી ઘટનાઓ માને વિગતે કહી. સાંભળી માને ખૂબ આનંદ થયો. તેણે દીકરાને તે સાધુ પાસે જવા રજા આપીને કહ્યું કે એ સાધુને કહેજે અમે અંતરમાં એમને નિરંતર સંભારીએ છીએ. પરંતુ હવે તું એમને તેડ્યા વિના પાછો આવતો નહિ." આમ કહી માએ છોકરાને ભાતું બાંધી આપ્યું ને અમારામાંની એની શ્રદ્ધાને લીધે, નીકળતાં સૂચના પણ આપી કે જ્યારે આ ભાતું ખલાસ થઇ જાય, ત્યારે એ



સાધુને યાદ કરી, તું જે ગામમાં હોય ત્યાં ભિક્ષા માગી લેજે. એ બાવાના પ્રતાપે તને કોઇ વાતે દુઃખ નહિ પડે."

બસ. પછી છોકરો અમારી શોધમાં પશ્ચિમ દેશ ભણી ચાલી નીકળ્યો. માર્ગમાં ગામેગામ પૂછતો જાય "કોઇ ચમત્કારી સાધુને કોઇએ જોયા?" આમ હજારો ગામ ફરી વળ્યો પણ અમારો એને ભેટો થયો નહિ. આ શોધમાં બાર વર્ષ વીતી ગયાં તેથી તે થોડો નિરાશ પણ થયો. એક દિવસ તે નિરાશ થઈ એક ગામના પાદરે બેઠો હતો, ત્યાં એક માણસે એની નિરાશાનું કારણ પૂછ્યું, "છોકરાએ કહ્યું, હું ભગવાનને શોધું છું. પણ મને ભગવાનનો હજુ ભેટો થયો નથી. જો તમે કોઇ ચમત્કારી સાધુ વિષે સાંભળ્યું હોય તો મને કહો."

છેવટે કોઈ માણસે તેને કાઠિયાવાડમાં આવા ચમત્કારી સાધુ હોવાની વાત કરી, એટલે એ શોધતો શોધતો ગઢડા દાદા ખાચરના દરબારમાં આવી ચઢયો. ત્યારે દાદા ખાચરે તેને કહ્યું, 'ભાઈ, હમણાં અમારા મહારાજ તો કચ્છ દેશમાં વિચરણ કરે છે, એટલે એમને મળવું હોય તો ત્યાં જાઓ!!

"દાદા ખાચરની વાત સાંભળી તે અમને શોધતો શોધતો અહીં સુધી આવ્યો છે."

મહારાજે કહ્યું, "બોલો, આટઆટલું કષ્ટ ઉઠાવી તે અહીં સુધી બાર વર્ષે આવ્યો છે. પછી અમને એના ઉપર હેત કેમ ન ઉપજે! કેવી અદ્દભૂત છે એની નિષ્ઠા! ને કેવી ભારે તિતિક્ષા! બાર વર્ષમાં એણે કેટલાંય કષ્ટો વેઠ્યાં હશે પછી અમે એમને કેમ ભૂલીએ? અમે ય એની પ્રતીક્ષા કરી રહ્યા હતા!"

મહારાજની વાત સાંભળી સભામાં બેઠેલા ભકતોએ ઊઠી-ને મહારાજના ચરણારવિંદમાં પ્રણામ કર્યાં. પછી ગદ્ગદ્ કંઠે બોલ્યા, "મહારાજ, તે છોકરાના જેટલો અમને તમારો મહિમા નથી સમજાણો. તમે અહીં છો છતાં દર્શને આવતાં અમને આળસ થાય છે, જ્યારે આ છોકરો તો હજારો ગાઉ ફરીને અહીં આવ્યો છે. હવે અમને આપના ભારે હેતનું કારણ સમજાણું. "પછી મહારાજશ્રીએ છોકરાને સ્નાન કરાવી, તેને સારાં વસ્ત્રો અપાવ્યાં. હજામને બોલાવી, તેને માથેથી વાળ ઉતરાવ્યા ને પ્રેમપૂર્વક એને પોતાની પાસે રાખ્યો.

થોડા દિવસો કેડે શ્રીજી મહારાજે પૂછ્યું "છોકરા તારે સાધુ થવું છે ?"

છોકરાએ હા પાડી ને પૂછ્યું "મહારાજ પરન્તુ મારી મા મારી વાટ જોતી હશે તેનું શું ?" ત્યારે સહજાનંદ સ્વામીએ કહ્યું, "આપણે ભેળા તારી મા પાસે જાશું."

આથી છોકરાએ સાધુ થવા સંમતિ આપી. મહારાજશ્રી-એ એને દીક્ષા આપી શુકાનંદ મુનિ એવું નામ આપ્યું. એક આહિરનો છોકરો શ્રદ્ધા, સેવા ને તિતિક્ષાના બળે કરી મુનિ બની ગયો ! ગુરુની કેવી કૃપા ને શિષ્યની કેવી અદ્ભુત નિષ્ઠા!

શુકાનંદ મુનિ સાધુઓ ભેગા હવે રહેવા લાગ્યા. થોડા દિવસ વીત્યા એટલે એક દિવસ શુકાનંદ મુનિને સહજાનંદ સ્વામીએ સામેથી બોલાવી કહ્યું, "ચાલો સ્વામી, તમારી માને દર્શન દેવા." આમ શુકાનંદ મુનિને સાથે લઇ, શ્રીજી મહારાજ દિવ્ય દેહે મુનિના માને તેડવા ગયા. તે સમયે ડોસીને શ્રીજી મહારાજ તેમજ શુકાનંદ સ્વામીનાં પૂર્વે વનમાં દર્શન કર્યાં હતાં, તેવી રીતે દર્શન થયાં. તેઓ તુરતજ આશ્ચર્યથી બોલી ઊઠ્યાં "ઓહોહો, મારો દીકરો



આ મહારાજને તેડીને મારે ઘેર પાછો આવ્યો !"

મહારાજે કહ્યું, "ડોશી, અમે તો તમારા દીકરા સંગાથે, અમારા વચન પ્રમાણે તેડવા આવ્યા છીએ. તમે અમને ઘણા દિવસ દૂધપાક જમાડીને સેવા કરી છે, એટલે હવે તમને તેડી જાશું."

આ વચન સાંભળી ડોસી તો ખુશ ખુશ થઈ ગઈ ! પરંતુ પોતાની માને મહારાજશ્રી હવે તેડી જાશે, જાણી એમની દીકરી રોવા લાગી. તેથી મહારાજે તેને કહ્યું કે "તું શું કરવા રડે છે. તું પણ સુખેથી તારી મા સાથે ચાલ."

આમ શ્રીજી મહારાજ માદીકરી બન્નેને સંગાથે ધામમાં તેડી ગયા. મા-દીકરી બન્નેનું જીવન ધન્ય ને સફળ બની ગયું. કેવળ એક મહિનાની પ્રેમપૂર્વકની મહારાજની સેવાનો કેવો અભૂતપૂર્વ બદલો પ્રભુએ વાળી દીધો. ભકત નરસિંહ મહેતાએ સાચુંજ કહ્યું છે–

કોઇનો ભાર ન રાખે મુરારિ,
આપે વ્યાજ શીખે અથવાળી.
સુદામાજીના તાંદૂલ લીધા.
એના મહેલ કનકના કીધા.
દ્રૌપદીજીનું આવ્યું છે ટાણું.
ચીર પૂર્યાં છે નવસે નવ્વાણું.
અન્તમાં પ્રભુ કહે છે કે હે નરસિંહ
"જેનું લીધું હતું તેનું દીધું.
એમાં પરમાર્થ શું કીધું ?"
"ધન્ય ધન્ય નરસૈંયાની વાણી."
એમ બોલ્યા છે સારંગપાણિ."

(શ્રીપુરુષોત્તમલીલામૃત સુખસાગરના આધારે)






# પ્રકાશના પંથે (શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

સંક્ષેપ : દીપક. પ્ર. મહેતા.

## અલૌકિક દીક્ષા

આલ્મોડાથી દેવપ્રયાગ પહોંચ્યા પછી પણ મારી આંતરિક વેદના કેમે કરી મટી નહી. દિનરાત એકજ ધ્યેયવસ્તુની ઝંખના, તે માટેની પ્રાર્થના એ મારો નિત્યક્રમ હતો

એ દિવસોમાં એક બીજી ઘટના બની. શાંતાશ્રમમાં વધારો કરવાનો એટલે કે નીચેની ઓરડી પર એક બીજી ઓરડી બાંધવાનો ચક્રધરજીએ નિર્ણય કર્યો. ઉપરની ઓરડીમાં હું મારો સાધનાત્મક અભ્યસ કરી શકું ને નીચેની ઓરડી સાધન-સામગ્રી રાખવા ને ભોજનખંડ તરીકે કામ લાગે.

એને માટે મારે સ્થાનાંતર કરવું પડ્યું. આશ્રમોમાંથી નીચે દેવપ્રયાગનિવાસી મગનલાલના એક અલાયદા મકાનમાં રહેવાનું ઠર્યું.

આશ્રમ બંધાઇ રહ્યો ત્યાં સુધી-એટલે કે લગભગ દોઢેક મહિનો મગનલાલના મકાનમાં રહેવાનું થયું. એ દરમિયાન એક અદ્‌ભુત પ્રસંગ બન્યો અને એ રીતે પ્રભુએ મારી ઈચ્છા પૂરી કરી.

તારીખ ૧૯ એપ્રિલ ૧૯૪૬નો એ દિવસ હતો. રાત્રે ધ્યાનમાં બેઠો હતો. અચાનક ધ્યાનાવસ્થામાં એક અવધૂત મહાપુરુષનું દર્શન થયું. તે બિલકુલ નગ્ન હતા. તેમના શરીરે અનેક માખી બણબણતી. તેમને મેં પ્રણામ કર્યા. તેમણે મારે માથે હાથ મૂકર્યો. મને સમાધિ જેવું થઇ ગયું. એની સાથેજ

બીજે હાથે એમણે મારી પીઠ પાછળનો ભાગ મૂલાધાર ચક્રનો-ભાગ-દબાવ્યો. જ્યારે હું જાગ્યો ને મને ભાન આવ્યું ત્યારે તેમણે તેમનો હાથ મૂલાધાર ચક્ર પરથી લઈ લીધો. ત્યાં સુધી તેમનો મૂલાધાર પર અંગુઠો દબાવેલો રાખેલો.

સમાધિ દશાનો એ અનુભવ આશરે બે-અઢી કલાક રહ્યો હશે. આવા અનુભવને મેળવવાની જ મારી દિવસોથી ઝંખના હતી.

મારી ઓરડીમાં કોઈ મહાત્મા દેખાયા નહીં પણ મને અતિશય આનંદ થયો. આ પ્રસંગ બ્રાહ્મમુહૂર્તમાં બન્યો હતો. દીક્ષા આપનારા એ મહાત્મા કોણ હશે? શું તે કોઇ જીવનમુક્ત યોગેશ્વર હશે? કરુણાળુ પ્રભુ પોતે જ મને મદદ કરવાને શાંતિ આપવા પધાર્યા હશે? તે તો તેજ જાણે છે. પરંતુ આ બનાવ પછી મારી પ્રસન્નતાનો પાર ન રહ્યો.

મારા જીવનમાં મને એવા અલૌકિક અનુભવો અનેક થયા છે. પણ તેમને જાહેર કરવાની મારી મુદ્દલ ઈચ્છા નથી. તેની જરૂર પણ નથી. આવા અનુભવો પણ ના છૂટકે જ લખું છું. મારી મોટાઈ બતાવવા આ લખતો નથી. મારા જીવનપર મારે ઉડતો દૃષ્ટિપાત કરવો હોય તો સત્યને પક્ષે ઊભા રહી, નિઃસ્વાર્થ ભાવે કેવળ લોકહિતને માટે કે પ્રભુની ઇચ્છા પૂરી કરવા માટે મારે કેટલીક સત્ય ઘટનાઓનો ઉલ્લેખ કરવો જરૂરી બનશે.

પહેલાંના વખતમાં દીક્ષા આવી રીતે અપાતી. સંકલ્પ, શબ્દ, કે સ્પર્શ દ્વારા મહાપુરુષો સાધકની સુષુપ્ત શક્તિને જાગ્રત કરતા અને એને ઊંચી દશાએ લઇ જતા. આજે એવા



મહાપુરૂષો અને અધિકારી સાધકો ઓછા છે, છતાં કોઈક-વાર તેમનું દર્શન થઇ જાય છે.

## ધરમપુરના સેનેટેરિયમમાં

દેવપ્રયાગના શાંતાશ્રમનું મકાન બંધાઇ તો ગયું, પરંતુ મારાથી એમાં તાત્કાલિક રહી શકાયું નહીં. દશરથાચલ પર્વત પરના દિવસો દરમ્યાન તથા બદરીકેદાર યાત્રામાં મારી સાથે હતા તે પ્રેમીભાઇ ચંપકભાઈને ક્ષય રોગ થયેલો. તે સિમલા હીલ્સમાં ધરમપુરમાં જઇને ટી.બી. સેનેટોરિયમમાં દાખલ થયેલા. તેમની તીવ્ર ઇચ્છા હતી કે હું તેમની પાસે જાઉં તો તેમને શાંતિ મળે. એક દિવસ અચાનક તેમનો પત્ર આવ્યો. પત્રમાં તેમણે મને તેમની પાસે આવવા આગ્રહ કરેલો.

ચંપકભાઈને મદદરૂપ થવાશે અને એક નવા વાતાવરણ-નો અનુભવ થશે એમ માનીને મેં ધરમપુર જવાનો નિર્ણય કર્યો.

પર્વતની ખીણમાં ચીડ અને દેવદારનાં વૃક્ષોની વચ્ચે વસેલું એ સેનેટોરિયમ ખૂબજ સુંદર ને આહ્લાદક લાગ્યું. ત્યાં પહોંચીને મેં ચંપકભાઈને શોધી કાઢ્યા. એક ખંડમાં પલંગ પર સુતેલા. શરીર એકદમ અશક્ત. મને જોઈને એમને અપાર આનંદ થાય તે સ્વાભાવિક છે. મને પોતાને પણ એમની એવી અસહાય અવસ્થામાં મદદરૂપ થવાશે તે વિચાર-થી સંતોષ થયો.

બીજે દિવસે ચંપકભાઇએ એમની વીતી ટૂંકમાં સંભળાવી. અત્યારે એમની અવસ્થા અત્યંત નાજુક હતી. એક ફેફસુ તદ્દન

બગડી ગયેલું. બીજુ ફેફસું દિનપ્રતિદિન બગડતું જતુ હતું. લોહી તદ્દન ખરાબ થઇ ગયું હતું. ડોકટરે એમ કહીને કે એમને આખરીનામુ આપી દીધેલું કે રોગ મટવાનો સંભવ જરા પણ નથી.

હવે એમણે જીવનની આશા છોડી દઇને સારી રીતે શાંતિપૂર્વક મરવા માટે ઘેર જવું પડશે. પંદર દિવસ પછી તેમના ફેફસાનો ફોટો લેવાનો હતો. તેમણે બચવાની આશા સંપૂર્ણપણે છોડી દીધેલી. એમની નિરાશાનો, પીડાનો પાર ન હતો. એ પીડા તથા નિરાશા મારી આગળ ઠાલવીને મારી પાસે મદદ માગી. મારા પર તેમને પુષ્કળ પ્રેમ હતો એ સાચું, પણ મારામાં કોઈ ચમત્કાર કરવાની શકિત ન હતી. મારાથી એમને હિંમત આપવાનું અને એમને માટે પરમકૃપાળુ પ્રેમસિંધુ પરમાત્માને અંતરના અંતરતમમાંથી કેવળ પ્રેમયુક્ત પ્રાર્થના કરવાનું બની શકે તેમ હતું. મેં તેમને બનતી હિંમત આપી. તેમને પરમાત્માની પરમકૃપાથી ટી. બી. તદ્દન મટી જશે એવી ઉત્સાહોત્પાદક ખાતરી આપી ને પરમાત્માનું સ્મરણ કરવા જણાવ્યું. રોજ રાતે એમના શિર પાસે બેસીને એમના શરીર પર હાથ ફેરવતાં મેં એકાદ કલાક સુધી નિયમિત રીતે પ્રેમપૂર્વક પ્રાર્થવાનું ચાલુ રાખ્યું. એ પ્રાર્થના એટલી બધી ઉત્કટતાથી ને સાચા દિલથી થતી કે મારી આંખમાંથી તે વખતે બોર જેવડાં આંસુ ટપકતાં. મેં એમને હિંમત આપી કહેવા માંડયુ કે પંદર દિવસે ડોકટર તપાસ માટે બોલાવશે ત્યાં સુધીમાં તો પરમાત્માની કૃપા થશે તો તમારૂં ફેફસું સુધરી જશે, લોહી સારૂં થશે. ને ડોકટરને પણ તેમનો અભિપ્રાય બદલવાની ફરજ પડશે.

“એવું કેવી રીતે બની શકે?” તે સ્વાભાવિક રીતેજ



શંકા કરતા. એવું થાય તો મોટો ચમત્કાર કહેવાય.

પરમાત્માની કૃપા સર્વકાંઈ કરી શકે છે. આપણે જેની કલ્પના કરીએ તે અને જેની કલ્પના ના કરી શકીએ તે પણ. આપણું કામ તેમને પ્રાર્થવાનું પ્રેમપૂર્વક પ્રાર્થતા રહેવાનું છે. કૃપા કરવી કે ના કરવી તેના હાથની વાત છે. આપણે અંતરના ઉંડાણોમાંથી પ્રાર્થીએ તો તે કૃપા કરેજ. આપણામાં ફક્ત વિશ્વાસ, ધીરજ ને હિંમત જોઇએ. હું કહેતો.

અને ડોકટરે એમને જણાવ્યું: ‘તમારૂં લોહી તદ્દન સુધરી ગયું છે એ જોઇને મને આશ્ચર્ય થાય છે. એવું કેવી રીતે બની શક્યું? અમે તો હાથ ધોઇ નાખેલા. હવે તમારે અથવા અમારે નિરાશ થવાનું કોઇજ કારણ નથી. તમારા ફેફસામાં પણ સારો સુધારો થયો છે.’

બીજા પંદર દિવસ પછી એમનાં ફેફસા તદ્દન સુધરી ગયાં. ડોકટરે એમને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હવે તમે બચી ગયા. પરંતુ અમારી દૃષ્ટિએ તો આ એક મોટો ચમત્કાર કહેવાય. આવો અસાધારણ ચમત્કાર કેવી રીતે બન્યો?

ચંપકભાઇએ એમને મારી અને મારા દ્વારા થતી પ્રેમપૂર્ણ પ્રાર્થનાની વાત કહી સંભળાવી. તો એમણે કહ્યુ, “ખરેખર, એ ઇશ્વરની કૃપાજ કહેવાય. ઇશ્વરની કૃપા સિવાય સંત સમાગમનો એવો સુયોગ ભાગ્યે જ સાંપડી શકે.’ ને પછી વિનોદમાં કહે, ‘ પરંતુ સેનેટોરિયમમાં આવી રીતે જો સંતો–મહાત્માઓ આવવા માંડશે તો પછી અમારો ભાવ કોણ પૂછશે? અમારે ઘેર બેસવું પડશે.’

ગમે તેમ પણ ચંપકભાઇની ચિંતા ટળી ગઇ. એ બધું

પરમાત્માના અસાધારણ અનુગ્રહનું પરિણામ હતું.

ડૉકટરના સારા અનુકૂળ અભિપ્રાયથી ચંપકભાઈને અતિશય આનંદ થયો. મેં એમને કહ્યું, 'હવે હિંમત ન હારશો. હજુ તો તમારે લગ્ન કરવાનું છે, અને તે પણ બને તો આ શિયાળામાં જ કરવાનું છે.'

મારા શબ્દો સાંભળી તે ચમકયા. ટી. બી. થયેલો માણસ લગ્ન કરવાનો વિચાર પણ કરી શકે? અને એવો વિચાર કરીને લગ્ન કરવા તૈયાર થાય તો તેને સંમતિ તથા સહકાર કોણ આપે?

મેં એમની પાસે એમણે વરસો પહેલાં પસંદ કરેલી કન્યાને પત્ર લખાવ્યો. કન્યાનો પ્રત્યુત્તર પણ આવી ગયો. કન્યાનું મનોબળ ખૂબ જ મજબુત હતું. એણે ચંપકભાઈને ક્ષયરોગ લાગુ પડયો છે એવુ જાણવા છતાં અને સગાસંબંધીઓના સમજાવવા છતાં, ચંપકભાઈ સાથેજ લગ્ન કરવા અને લગ્ન ન જ થાય તો આજીવન અવિવાહિત રહેવાનો નિર્ણય કરેલો. પાછળથી એજ કનકબેન સાથે એમનું લગ્ન થઈ ગયું. આ સંસારમાં ઈશ્વરની કૃપાથી શું નથી થઈ શકતું?

ધરમપુરના મારા નિવાસ દરમ્યાન મારા ભોજનનો પ્રબંધ એક સિંધી સદ્ગૃહસ્થને ત્યાં કરવામાં આવેલો. એ પણ ટી. બી. થી પીડાતા. એમના આગ્રહથી હું એમના આરોગ્યને માટે પણ બનતી પ્રાર્થના કર્યા કરતો. એમણે સાંભળ્યું કે સિમલાના માર્ગે ચેલ નામના સ્થળથી દૂર જે સિદ્ધપુરુષ રહે છે તે રોગીને આશીર્વાદ આપીને રોગમુકત કરવાની શકિત ધરાવે છે. એમનાથી ચેલ સુધીનો પ્રવાસ થઈ શકે તેમ ન



હોવાથી, એમણે મને ત્યાં જવાની વિનંતી કરીને કહ્યુ "મારે માટે આશીર્વાદ લેવા મારા રસોયાને મોકલું છું. તમારી ઇચ્છા થતી હોય તો તમે સાથે જઈ શકો છો. મહાત્મા સાચેસાચ કેવા છે તે પણ તમારી વિશિષ્ટ દૃષ્ટિથી મૂલવીને તમે વિશ્વસનીય રીતે કહી શકશો."

મને એમનો પ્રસ્તાવ પસંદ પડયો. સિદ્ધ મહાપુરુષના દર્શન તથા સમાગમનો લાભ લેવાનું કોને ન ગમે? એ દરમ્યાન એક નવો જ પ્રસંગ ઉપસ્થિત થયો. એનો ઉલ્લેખ આવશ્યક છે. (ક્રમશઃ)

With Best Compliments....

The space of this full page has been donated by

**TurnWeld Engineers**

245, G.I.D.C Estate,
MAKARPURA, BARODA-390,010

## પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટે સહાય

યાત્રાધામ અંબાજી ખાતે પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું કામકાજ ચાલુ થયું છે. આ વિશ્રામગૃહના બાંધકામમાં છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છે.

રૂા.
૨૫૧ શ્રી લક્ષ્મીબેન ભીખુભાઈ નાથુભાઇ ભક્ત, કપૂરા.
૧૦૧ ,, ગંગાબેન વામનભાઈ પટેલ, ,,
૧૦૨ ,, માધવભાઇ કાલીદાસ ભકત, અંભેટી.
૧૦૧ ,, માધવભાઈ લખાભાઇ ભકત, નેત્રંગ.
૧૦૧ ,, ભાનુબેન ધીરૂભાઇ ભક્ત, ,,
૫૦૧ ,, મણિબેન મોરારભાઈ ભક્ત, ,,
(સ્વ. મોરારભાઇ પ્રભુભાઇ ભકતના સ્મરણાર્થે)
૧૦૧ શ્રી શાંતાબેન છોટુભાઈ ભક્ત, કપૂરા.
૨૦૧ ,, ગીતાબેન ભીખુભાઈ ભકત, ,,
૨૦૧ ,, સરોજબેન બળવંતભાઇ ભકત, ,,
૧૦૧ ,, શાંતાબેન ગોવિંદજી ભકત, સીતાપુર.
૨૫ ,, સુમિત્રાબેન નરસિંહભાઈ ભક્ત, ભેંસપેતર.
૧૦૧ ,, મંજુલાબેન સન્મુખભાઇ દેસાઇ, કહેર.
૧૦૧ ,, વાસંતીબેન સન્મુખભાઇ ભક્ત કપુરા.
૫૧ ,, પ્રભાવતીબેન રવિન્દ્રભાઇ ભકત, સ્યાદલા.
૫૧ શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ભકત, નવાનગર.
૫૭૫ ,, વી. ગાંધી સુરત
૨૫૦ કુ. શ્રી દીપીક્ષા સુરેશચંદ્ર ભકત, માલોઠા
૧૫,૦૦૦ શ્રી વસંતભાઈ પ્રભુભાઈ ભક્ત, પનામા.
૫૬૯-૪૪ શ્રી ઉર્મિલાબેન નટવરલાલ ભકત, પનામા, અમેરિકા
૧૨૨-૨૩ ,, ગુલાબબેન વસંતભાઇ, પનામા. ,,
૨૦૦-૦૦ મહિલા મંડળ, પનામા. ,,
૫૮ ૩૩ રંજનબેન પ્રવિણભાઈ ભક્ત પનામા ,,



પરિણામે એમની શ્રદ્ધા બળવત્તર બની છે ને એમનો વિશ્વાસ વધુ દઢ બન્યો છે. પૂ.શ્રી આજે પણ કેવું અદ્દભુત માર્ગદર્શન એમને છે પૂરું પાડે છે. તેની પ્રતીતિ કરાવતો અનુભવ પૂ.માએ પોતાના સ્વમુખે તા. ૪-૧૦-૮૪ના રોજ ઉપસ્થિત સાધકોને સંભળાવ્યો.

"નવરાત્રીના અઠવાડિયા પહેલાં વડોદરામાં ઈ. એમ. ઈ ટેમ્પલ નામે સ્થાન છે, જેમાં ભગવાન કૃષ્ણની સુંદર પ્રતિમા છે; ત્યાં અમે દર્શન કરવા ગયાં. દર્શને જતાં જતાં અમને વિચાર આવ્યો આ વર્ષે નવરાત્રી દરમ્યાન અનુષ્ઠાનમાં કયા મંત્રનો જપ કરવો તેનું માર્ગદર્શન પૂ. શ્રીની ગેરહાજરીમાં હવે કોની પાસેથી મેળવશું ?-ત્યાં બીજી જ ક્ષણે વિચાર આવ્યો હજી તો નવરાત્રીને વાર છે. અત્યારથી એની શી ચિન્તા! ને તે વિચાર ત્યાં પૂરો થઇ ગયો.

પરંતુ પૂ. ગુરૂદેવ મારી એ મુંઝવણ જાણી ગયા. એમણે એ દિવસે રાત્રેજ દર્શન આપી મને અનુભવ આપ્યો કે "મંત્રની ચિન્તા શું કામ કરો છો? આ વખતે નવરાત્રીના અનુષ્ઠાનમાં ॐ वैष्णव्यै नमः। જપજો. ને મારા પત્રોનું વાચન એ પણ સાધના છે." અનુભવ પૂર્ણ થયો.

બીજા દિવસે વૈષ્ણવ્યૈ વિષે મને કંઇ જાણકારી ન હોવાથી મેં વિષ્ણુસહસ્રની પુસ્તિકા મંગાવી. તે આખી ખૂબ ધ્યાનથી જોઈ, પરંતુ તેમાં વૈષ્ણવી જેવા નામનો કોઇ ઉલ્લેખ દેખાયો નહિ, એટલે મને થોડી નિરાશા થઈ. પૂ. ગુરૂદેવે આપેલ સૂચના પ્રમાણેનો મંત્ર સાચો છે કે કેમ, તેની ભાંજગડ મારા મનમાં ચાલ્યાં કરતી હતી. તે અરસામાં પૂ. શ્રીની આજ્ઞા પ્રમાણે નવરાત્રી-વ્રત કરવા માટે કપૂરા જવાનું થયું.

નવરાત્રીના પ્રારંભના બે દિવસ અગાઉ, સેલ્વાસમાં શિક્ષિકાની નોકરી કરતાં મારાં મોટાં બેન કપૂરા આવ્યાં. મેં એમને

સહજ રીતે પૂછ્યું કે વૈષ્ણવી જેવો કોઈ શબ્દ તમે જાણો છો?

એમણે પૂછ્યું "કેમ, એની શી જરૂર પડી?"

જવાબમાં મેં પૂ. શ્રીએ મને સૂચવેલ મંત્રની વાત બેનને કરી. એ સાંભળી બેને તુરતજ કહ્યું "ચંડીપાઠમાં મા ભગવતીનાં જે વિવિધ નામોનો ઉલ્લેખ છે, તેમાં વૈષ્ણવી દેવીના નામનો પણ સમાવેશ થાય છે. વળી કાશ્મીરમાં વૈષ્ણવી દેવીનું પ્રખ્યાત મંદિર છે. એ જાણીને મને ખૂબ આશ્ચર્ય અને આનંદ થયો. મેં એ વિષે અગાઉ કંઈ સાંભળેલું નહિ. એટલે મને થોડી જે દ્વિધા થઈ હતી તે સંપૂર્ણ મટી ગઈ. એ પછી નવરાત્રીમાં એજ મંત્રનું મેં અનુષ્ઠાન કર્યું. આ રીતે પૂ. શ્રીએ મારી નવરાત્રીમાં કયા મંત્રનો જપ કરી અનુષ્ઠાન કરવાની ચિન્તા ટાળી દીધી. એટલેજ તેઓ હજી છેજ, એની સતત પ્રતીતિ મને થતી રહે છે."

આ ઉપવાસો દરમ્યાન પૂ. માના પ્રવાસો ને સત્સંગના ખાસ કાર્યક્રમો પણ ચાલતા રહે છે, જે કલ્પી ન શકાય તેવા છે. પૂ. માએ ઉપવાસો દરમ્યાન. નર્મદા યાત્રા, હરિદ્વાર, ઋષિકેશ, દેવપ્રયાગ, અંબાજી, અમદાવાદ, કાયાવરોહણ. વગેરે સ્થાનોનો પ્રવાસ પણ ખેડયો છે. સાથે સાથે ઘણા બધા સત્સંગના ખાસ કાર્યક્રમો જેવા કે રામાયણ પારાયણ, ચંડીપાઠનું સમૂહ પઠન, સમૂહ ગીતાપાઠ, મંત્રજપ, ધૂન વગેરે અનેકવાર યોજાયા છે. રોજની સત્સંગની બેઠકો તો જુદીજ.

નર્મદામાં અસ્થિવિસર્જન, હરિદ્વાર, ઋષિકેશ ને દેવપ્રયાગમાં પણ ગંગાજીમાં અસ્થિ મજ્જન, ગુરુપૂર્ણિમા, પૂશ્રીની જન્મ જયંતિ તેમજ પૂ માતાજીની મૃત્યુતિથિ, શરદ પૂર્ણિમાના ખાસ કાર્યક્રમોમાં પૂ.મા કલાકો સુધી એકપલાઠીએ બેસી માર્ગદર્શન આપે કે ભાવપૂર્ણ સ્વરે ધૂન ગવડાવે, ત્યારે આપણી મતિ મૂંઝાઈ જાય. પૂ. મા પાણીનું ટીપું પણ લીધા સિવાય આખો દિવસ કાર્યરત રહે ને છતાં જરાય થાક કે ગ્લાનિ જેવું નહિ. એ કેવું આશ્ચર્યકારક કહેવાય? પ્રભુની કોઈ



દિવ્યશક્તિ સિવાય આવું થઈ શકેજ નહિ, એની ખાત્રી આપણને એ જોતા જ થઈ જાય.

કોઈને પ્રશ્ન થાય કે પૂ.મા આવું આકરું તપ શા માટે કરે છે? એમને શું મેળવવું છે?

આ પ્રશ્નના ઉત્તરમાં એટલું તો કહી શકાય કે એમને કોઈ ભૌતિક વસ્તુની પ્રાપ્તિની ઈચ્છા નથી. તેમજ કોઈ સાત્વિક મહેચ્છા પણ નથી. એમની એક માત્ર ઇચ્છા પૂ.શ્રીને દિવ્ય સ્વરૂપે પોતાના જીવનમાં પ્રકટ કરવાની છે, જે રીતે મા જગદંબા પૂ.શ્રીનાં જીવનમાં હતાં. તેઓ જ્યારે ને જ્યાં ઈચ્છે ત્યારે પૂ.શ્રીનો પ્રત્યક્ષ સંપર્ક કરી શકે–એવી સ્થિતિ પ્રાપ્ત કરવા સાધના કરી રહ્યાં છે. એ સાચું કે એ કાર્ય ખુદ પ્રભુને જીવનમાં પ્રત્યક્ષ કરવા બરાબર છે.

પોતાના આ સાધનાત્મક ધ્યેયની પૂર્તિ માટે પૂ.મા ગમે તે પ્રકારનો ભોગ પણ આપવા તૈયાર છે. પોતાના શરીર સુદ્ધાંનો. આ પ્રકારનું પોતાનું ધ્યેય ઘણું ઉચ્ચું ને અનોખુ છે. તે વિષે ઘણીવાર વાતવાતમાં તેઓ કહે છે, "મારું ધ્યેય ઘણુ મોટું છે, તે હું જાણું છું એને સિદ્ધ કરવા માટે અનેક જન્મો પણ લાગે. એટલે આવા મોટા ધ્યેયને એકજ જન્મમાં સિદ્ધ કરવા માટે ઘણો મોટો ભોગ પણ મારે આપવો પડે ને! તે માટે ધીરજ પણ ખૂબ રાખવી પડે. હજુ બાર વર્ષ સુધી આ રીતે તપવાની મારી તૈયારી છે. અને તે પછીય માનો કે સફળતા ન મળી તો બીજાં બાર વર્ષ પણ પ્રયત્ન કરવા માનસિક રીતે મારી તૈયારી છે. પ્રભુનો મારગ શૂરાઓ માટે છે, એમાં કાયરનું કામ નથી." આવું અદ્ભુત છે, પૂ માનું ધૈર્ય અને આત્મબળ.

પૂ.માનું અસ્તિત્વ શી રીતે ટકે છે તેજ સામાન્ય માણસની સમજમાં ઉતરી શકે તેમ નથી. તેઓ કહે છે પૂ.શ્રી છેજ એની પ્રતીતિ મને જોઈનેજ કોઈપણને થવી જોઈએ. આ શરીર બીલકુલ

અન્ન અને કદીક પાણી વિના શી રીતે ટકી રહ્યું છે, તેનો કોઈ તર્કસંગત ખુલાસો માણસની બુદ્ધિ મેળવી શકે તેમ નથી. એ વાત તો આપણને ત્યારેજ સમજાય, જ્યારે આપણામાં શ્રદ્ધા હોય. પૂ.શ્રીજ અમારી અંદર રહી અમારૂં પોષણ કરે છે, તેનો અનુભવ અમે તો કરીએ છીએ, તે માટે બીજો શો પુરાવો જોઇએ, બોલો ?'

પૂ.મા પોતાની આ વાત ખૂબ સરળભાવે હસતાં હસતાં કરે છે. આટલા બધા ઉપવાસોમાં પણ તેઓ અતિસ્ફુર્તિલાં, સક્ષમ અને વિનોદી લાગે છે. પોતાની સાધના ઉપરાંત, ફરજના ભાગરૂપ લાગતા કોઈપણ કામ પ્રત્યે તેઓ જરાય ઉદાસીન નથી. તેઓ પોતાનું કામ પૂરી ચોકસાઈથી અને અદ્‌ભુત નિષ્ઠા ને ઉત્સાહથી કર્યે જાય છે. એટલુંજ નહિ. પણ બીજા અનેકોને ઉત્સાહિત કે પ્રોત્સાહિત કરીને સન્માર્ગને સાધનાપંથે દોરતાં જાય છે. છતાં કહે છે. "પૂ.શ્રીની શકિતજ આ બધું કરી રહી છે. મારામાં તો આવી કોઇ શકિત નથી.' એવો નમ્રભાવ તેઓ હંમેશ વ્યકત કરતાં રહે છે.

પોતાની સાધનામાં પૂ.મા ખૂબ પ્રામાણિક ને ચોક્કસ છે. ઉપવાસમાં પાણી કે નાળિયેરનું પાણી જે લેતાં હોય તેજ કહે, પાણી વગરનો ઉપવાસ હોય તો સવારે મુખ સાફ કરતાં પાણીનું એક ટીપુંય ગળામાં ન જાય એની તેઓ કાળજી રાખે છે. જે પોતાથી થતું હોય તેજ કહે એમાં સહેજપણ અતિશયોકિત ન આવી જાય તેનું ખાસ ધ્યાન રાખે છે.

આપણે પૂ.માના ભગવતી સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક ઓળખીએ અને એમની સાધનાને સમભાવપૂર્વક સમજી એમાં સહયોગ પ્રદાન કરીએ, પ્રેરણા મેળવીએ એજ હેતુ આ લેખ પાછળનો છે.

પ્રભુની દિવ્યશકિત એમની ઇચ્છા પ્રમાણે એમના જીવનમાં પ્રગટ થાય ને પૂ.મા આપણ સહુને અનેક વર્ષો સુધી પ્રેરણા આપી પથપ્રદર્શન કરતાં રહે એજ પ્રભુને પ્રાર્થના.

*



ૐ શ્રી રામકૃષ્ણાય નમઃ

# ૧૧મી ધ્યાન સાધના શિબિર

(પૂ. મા સર્વેશ્વરીના સાનિધ્યમાં)

આપને જણાવતાં આનંદ થાય છે કે મહાત્મા શ્રી યોગેશ્વરજીના આશીર્વાદથી એક દિવસની ધ્યાન સાધના શિબિર પૂ. મા સર્વેશ્વરીના પ્રાગટ્યદિને તા. ૧૩-૧૧-૮૪ ના રોજ અમારી નવી ઉદ્યોગ ભૂમિ ઉપર રાજકોટને આંગણે યોજવામાં આવી છે. તો આપ સૌને પૂ. માના દર્શન, સત્સંગ ને શિબિરનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે. આપ જરૂરથી પધારશો.

લિ.
શાંતિભાઈ કનેરિયા પરિવાર

| પત્રવ્યવહારનું સરનામું | શિબિરનું સ્થળ |
|---|---|
| કનેરિયા એન્જી. વકર્સ | કનેરિયા એન્જી. વકર્સ |
| ઢેબર રોડ | જી. આઇ. ડી. સી, |
| રાજકોટ. | ૮૦ ફુટનો રોડ, |
| | રાજકોટ. |

તારીખ-૧૩/૧૧/૮૪ મંગળવાર
સમય-સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦
કાર્યક્રમ-(પૂજન, ધ્યાનની બેઠક, પૂ. શ્રીનું પ્રવચન, સમૂહ-ભોજન, ધ્યાનની બેઠક, વાર્તાલાપ, ભજન, ધૂન, વિગેરે.

**વિશેષ નોંધઃ**-શિબિરનું સ્થળ રાજકોટમાં જી. આઈ. ડી. સી. વિસ્તારમાં સહયોગ ફાઉન્ડ્રી પાસે, ૮૦ ફુટના રોડ ઉપર આવેલું છે. ત્યાં જવા માટે એસ. ટી. ડીપોથી રીક્ષા મળે છે. શિબિરના સ્થળ ઉપર તા.-૧૨/૧૧/૮૪ ને સોમવારે સાંજથી ઉતારાની સગવડ રાખવામાં આવી છે.

## ભારતમાં નોંધાયેલ નવા આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર ઝડપથી વધારો થતો રહ્યો છે, તેમાં કપુરા ખાતે નવરાત્રીના એક સપ્તાહમાંજ નોંધાયેલ ૩૪ જેટલા આજીવન સભ્યો એક સીમાચિહ્નરૂપ છે. નવા નોંધાયેલ આ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ-

| | | |
|---|---|---|
| | | રૂા. |
| ૪૪૨ | શ્રી પરમાનંદ ગોકલદાસ માસ્તર, મુંબઈ. | ૨૫૧ |
| ૪૪૩ | ,, હિમ્મતભાઇ પરીખ, જયપુર. | ૨૫૧ |
| ૪૪૪ | ,, ભાઇચંદભાઇ એમ. પટેલ, પાલનપુર. | ૨૫૧ |
| ૪૪૫ | ,, લવજીભાઇ ડી. પુરોહિત, પાલનપુર. | ૨૫૧ |
| ૪૪૬ | ,, કરસનદાસ આર. પટેલ, પાલનપુર. | ૨૫૧ |
| ૪૪૭ | ,, ચંપાબેન રઘુભાઈ પુરોહિત, પાલનપુર. | ૨૫૧ |
| ૪૪૮ | ,, અશોકભાઇ અજીતભાઇ પાઠક, વડોદરા | ૨૫૧ |
| ૪૪૯ | ,, ભીખુભાઇ વિઠ્ઠલભાઈ મિસ્ત્રી, મુનસદ. | ૨૫૧ |
| ૪૫૦ | ,, રામભાઇ પી. પટેલ, સેલ્વાસ | ૨૫૧ |
| ૪૫૧ | ,, રાવજીભાઇ મોતીભાઈ પટેલ, અમદાવાદ. | ૨૫૧ |
| ૪૫૨ | ,, મગનભાઇ કે. પટેલ, મોરબી. | ૨૫૧ |
| ૪૫૩ | ,, કરસનભાઇ પ્રેમજી ગોરિયા, મેસવાણ, | ૨૫૧ |
| ૪૫૪ | ,, એચ. એસ. ગોસ્વામી, રાજકોટ | ૨૫૧ |
| ૪૫૫ | ,, રક્ષાબેન રસિકલાલ ખારવા, વલસાડ. | ૨૫૧ |
| ૪૫૬ | ,, સેવાસમાજ શારદામંદિર, વરણામા. (શ્રી ચીમનભાઇ હ. અમીન સાર્વજનિક ટ્રસ્ટ તરફથી) | ૨૫૧ |
| ૪૫૭ | ,, પ્રજાપતિ વિદ્યાર્થી આશ્રમ, નવસારી. (શ્રી મોરારભાઈ મિસ્ત્રી, રગ્બી તરફથી) | ૨૫૧ |
| ૪૫૮ | ,, ધીરજભાઈ ડાહ્યાભાઇ ભકત, કપૂરા, | ૨૫૧ |



| | | |
|---|---|---|
| ૪૫૯ | ,, ઈન્દ્રવદન ત્રિકમલાલ પટેલ, વડોદરા. | ૨૫૧ |
| ૪૬૦ | ,, શારદા સ્ટીલ સપ્લાયર્સ, વડોદરા. | ૨૫૧ |
| ૪૬૧ | ,, નિરંજન મણિલાલ શાહ વડોદરા. | ૨૫૧ |
| ૪૬૨ | ,, ભગવતીબેન રમેશચંદ્ર પટેલ, અમદાવાદ | ૨૫૧ |
| ૪૬૩ | ,, વિનોદચંદ્ર હીરાલાલ ત્રિવેદી, અમદાવાદ. | ૨૫૧ |
| ૪૬૪ | ,, નેશનલ કેમ કું. વડોદરા. | ૨૫૧ |
| ૪૬૫ | ,, જયસિંહરાવ લાયબ્રેરી, વડોદરા. (શ્રી ઈન્દ્રવદન શાહ તરફથી પૂ.શ્રી કેશવલાલ શાહના સ્મરણાર્થે) | ૨૫૧ |
| ૪૬૬ | શ્રી. પી. એન. પટેલ, ભાવનગર. | ૨૫૧ |
| ૪૬૭ | ગુરુકૃપા વુડન ફરનીચર વકર્સ, વડોદરા. | ૨૫૧ |
| ૪૬૮ | શ્રી રજનીકાન્ત વી. મહેતા, મુંબઈ. | ૨૫૧ |
| ૪૬૯ | ,, જયંતીલાલ ગિરધરલાલ દોશી ઘીવાળા, મુંબઈ. | ૨૫૧ |
| ૪૭૦ | ,, કરસનભાઇ કેશવલાલ પટેલ, વડોદરા. | ૨૫૧ |
| ૪૭૧ | ,, મહાજન અનાથ બાળાશ્રમ, સુરત (ચિ. સંજયકુમારના જન્મદિન નિમિત્તે મોહનલાલ લ. ભક્ત, કપુરા તરફથી) | ૨૫૧ |
| ૪૭૨ | ,, વ્યવસ્થાપક ભક્ત આશ્રમ, નવસારી. (રમેશભાઈ નરસિંહભાઇ ભક્ત, કપુરા તરફથી સ્વ. માતાપિતાના સ્મરણાર્થે) | ૨૫૧ |
| ૪૭૩ | ,, ગુરૂકુળ વિદ્યામંદિર, સુપા. (સ્વ. સૌ. ભીખીબાના પુણ્યાર્થે વામનભાઇ કાલીદાસ ભક્ત, કપુરા તરફથી) | ૨૫૧ |
| ૪૭૪ | ,, બી. એન. ભકત હાઈસ્કુલ, વાવ. (સ્વ. પિતાશ્રીના પુણ્યાર્થે શ્રીમતી ગુલાબબેન લલ્લુભાઇ ભક્ત, કપુરા તરફથી) | ૨૫૧ |

૪૭૫ ,, કે. આર. વશી હાઈસ્કુલ, મરોલી. ૨૫૧
(સ્વ. માતા પિતાના પુણ્યાર્થે શ્રીમતી
ગુલાબબેન સીતારામભાઇ ભક્ત, કપુરા તરફથી)
૪૭૬ શ્રીમતી ગીતાબેન ભીખુભાઇ ગોવિંદજી ભક્ત, કપુરા ૨૫૧
૪૭૭ ગં. સ્વ. મણીબેન મોરારભાઇ ભકત, કપુરા. ૨૫૧
૪૭૮ શ્રી છોટુભાઈ ગોવિંદજી ભક્ત, કપુરા. ૨૫૧
૪૭૯ ,, જયંતીભાઇ ગોવિંદભાઇ પંચાલ, કપુરા ૨૫૧
૪૮૦ ,, લતાબેન ગુણવંતભાઇ કરસનભાઇ ઓરણા. ૨૫૧
૪૮૧ શ્રીમતી કંચનબેન નટવરલાલ ભક્ત, કબીરગામ. ૨૫૧
૪૮૨ ,, ધીરજભાઇ ડાહ્યાભાઇ પ્રભુભાઇ ભકત, કપુરા. ૨૫૧
૪૮૩ શ્રીમતી સુકન્યાબેન મગનભાઇ ડાહ્યાભાઈ કપુરા. ૨૫૧
૪૮૪ ,, જગદીશભાઈ તુલસીભાઈ ભકત, કપુરા. ૨૫૧
૪૮૫ ,, પ્રભુભાઇ જીવણજી ભકત, સ્યાદલા ૨૫૧
૪૮૬ ,, મથુરભાઇ વલ્લભભાઇ ભકત, સુસા. ૨૫૧
૪૮૭ ,, મહેન્દ્રભાઇ માધવભાઇ ભકત, કાનપુરા. ૨૫૧
૪૮૮ ,, જયાબેન મોતીભાઈ પટેલ, અમદાવાદ, ૨૫૧
૪૮૯ ડૉ. પુરુષોત્તમભાઇ પી. પટેલ. વડોદરા. ૨૫૧
૪૯૦ શ્રી ઊર્મિલાબેન ગોરધનભાઇ પટેલ, વડોદરા. ૨૫૧

## સહાયક પેટ્રન

વડોદરાના શ્રી. ચંપકભાઇ માણેકલાલ શાહ અધ્યાત્મના આજીવન સભ્ય હતા. તેઓ બીજા રૂા. ૨૫૦ ભરી સહાયક પેટ્રન થયા છે. એમને અભિનંદન.

## અભિનંદન

શ્રીમહેન્દ્રભાઇ ભકત, (સરઇ) આજીવન સભ્ય થવા ઉપરાંત ૧૫ ગ્રાહકો નોંધ્યા છે. શ્રીચેતનાબેન યાજ્ઞિક, શ્રીનલિનીબેન મહેતા અને શ્રીશિરીષભાઇ વ્યાસે પણ દસ-દસ ગ્રાહકો નોંધી, પોતાના સંકલ્પ પૂરા કર્યા છે. તે સહુને અભિનંદન.

# ઋતંભરા–પ્રજ્ઞા

સાધનાની મદદથી મન નિર્મળ થતાં આંતરિક સુખ, શાંતિ ને પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે. એના અનુસંધાનમાં યાદ રાખવા જેવી એક બીજી વાત પણ કરી લઈએ. તેનું મહત્ત્વ પણ ઘણું છે. મન નિર્મળ થાય એટલે યોગીની બુદ્ધિ પણ નિર્મળ થાય છે. તેને સદ્બુદ્ધિ અથવા સૂક્ષ્મ વિવેકશકિતની પ્રાપ્તિ થાય છે. સાધનાની મદદથી તેનું મન જેમજેમ નિર્મળ બનતું જાય છે ને તેની વૃત્તિ વધારે ને વધારે અંતર્મુખ થાય છે, તેમતેમ પરમાત્માની પરમ પ્રકાશની તે વધારે ને વધારે નજીક આવતો જાય છે. તે પ્રકાશ તેની મુખાકૃતિ, વાણી, આંખ, વિચારધારા તથા બુદ્ધિમાં જોવા મળે છે. તેના અંગ ને રોમરોમમાં તેની ઝાંખી કરી શકાય છે. એ પ્રકાશને લીધે તેની બુદ્ધિ ઋતંભરા બની જાય છે. ઋતંભરા એટલે સત્યપરાયણ. વસ્તુના સાચા સ્વરૂપને ગ્રહણ કરનારી.

—યોગેશ્વરજી

# સમયનો સદુપયોગ

માણુસો છેક સાધારણ ક્ષુલ્લક ને પરિણામે જરાય ઉપયોગી ના થનારી નાની નાની વાતોમાં એવા તો અટવાઇ જાય છે કે વાત નહિ. તેમની પાછળ પડીને સોનેરી સમય ને શક્તિની બરબાદી કરે છે, તે જોઇને આપણને ભારે દુઃખ થાય છે. મોટા ભાગના પુરુષોની પ્રવૃત્તિનું નિરીક્ષણ કરવામાં આવે તો તે તદ્દન તકલાદી કે જીવન વિકાસમાં લેશ પણ ઉપયોગી કે મદદ નહિ કરનારી લાગે છે. પોતાની પ્રવૃત્તિની શાંતિપૂર્વકની પસંદગી બહુ ઓછા કરે છે અને એથીય ઓછા એ પોષક થાય એનું ધ્યાન રાખે છે. જીવનનું મૂલ્ય જે સમજે છે તેને માટે એ ટેવ બહુ સારી ના કહેવાય. તે એવી રીતે ગફલતમાં રહે કે બેદરકાર બને તે ચલાવી ના લેવાય. તેણે તો ખૂબજ સાવધાન રહેવું જોઇએ, સમજુ બનવું જોઇએ ને જીવનને ઉજ્જવળ કરવાનો કાર્યક્રમ ઘડી કાઢી આત્મિક ઉન્નતિને માટે બનતું બધુંજ કરી છૂટવું જોઇએ.

એથી આપણે મોટાભાગના આંખો મીંચીને જેમ-તેમ જીવનારા લોકોને કહીએ છીએ કે જીવન અત્યંત કીમતી છે. તેને વેડફી ના દો, જાગ્રત થાવ, વિવેકી બનો. સંયમ સાદાઇ ને સાત્વિકતા કેળવી લો. આત્મ-વિશ્વાસને પેદા કરો ને અનુભવી પુરુષનું શરણ લઇ માર્ગદર્શન મેળવી જીવનમાં શાંતિ ને મુક્તિ મેળવી પરમાત્માનું દર્શન કરીને જીવન કૃતાર્થ કરો.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ફોન : ૨૮૧૭૨